# મારી અમરનાથની યાત્રા

(એક યાદગાર અનુભવ)

- નીતિન શર્મા



# મારી અમરનાથની યાત્રા

## *(એક યાદગાર અનુભવ)*

(શ્રદ્ધા + સાહસ + ધીરજ + નસીબ = અમરનાથની યાત્રા)

# *અર્પણ*

દરેક પુત્રને એના પિતા તરફથી વારસામાં કંઈકની આશા હોય છે. મને મારા પિતા તરફથી નિરીક્ષણશક્તિ, વર્ણનશક્તિ, લેખનશક્તિ અને માતા તરફથી વાંચનશક્તિ વારસામાં મળી છે. આ પુસ્તકને હું મારા માતા-પિતાને અર્પણ કરું છું.

*- નીતિન પ્ર. શર્મા*

# પ્રસ્તાવના

મારા સૌથી નજીકના મિત્ર નીતિન શર્મા, સદાજાગૃત, ઊંડી સંવેદનશીલતાવાળા તથા બધાંની ચીવટપૂર્વક કાળજી કરનાર નિખાલસ મિત્ર છે. તેઓ સાહસ ખેડવાની અને નવું નવું જાણવાની ઈચ્છા ધરાવે છે. છેલ્લાં ચાર વર્ષથી અમારો પરિચય ગાઢ બન્યો છે. તેઓ તથા મારા પતિ અમરનાથની જાત્રા કરી તેની ચર્ચાઓ કરતા, તે બધો જ આનંદ, સાહસ આજે ફરી સ્મરણમાં ચમકે છે. જાત્રા વખતની અડગતા, સાહસ તેમની આંખોમાં જોઈ શકાય છે. આમ તો, આ પુસ્તક પ્રગટ કરવાની બાબતમાં અમે ઘણો સમય વિચારોમાં પસાર કર્યો.

આજે જ્યારે તેમનું પુસ્તક પ્રગટ થાય છે ત્યારે અંગત રીતે મને ખૂબ જ આનંદ થાય છે. કશું સમાજોપયોગી, વિચાર પ્રેરક લખવાનું હોય તો જ લખવું તે લેખકની દૃઢ માન્યતાનું પ્રતિબિંબ આ પુસ્તકમાં જોવા મળે છે.

લેખક સમાજ પ્રત્યેની આપણા દાયિત્વની લાગણી આપણને વારંવાર યાદ દેવડાવે છે. એ નિમિત્તે લેખક આપણને સંવેદનતંત્રના જુદાજુદા પ્રદેશોની યાત્રાએ લઈ જાય છે. અહીં ક્યાંક છૂટા છવાયા અભિપ્રાયો છે. એમાં સાહસ અને આનંદ ભળેલાં છે. ક્યાંક ક્યાંક લેખક સાથે સંમત થવાય તેવા અભિપ્રાયો કાંઈ ઓછા નથી.

લેખકનું વિચારતંત્ર, ચોક્કસ આગ્રહો ધરાવનાર છતાં ઉદાર માનવતાવાદી, સ્વપ્નસેવી વ્યક્તિત્વને ઉપસાવનારું રહેલું છે. આ પુસ્તકમાં માનવજીવનને સફળતા, સાહસિકતા વિશેના લેખકના અભિપ્રાય સમજવા જેવા છે.

આ માટે લેખકે પોતાને મળેલી ગુજરાતી ભાષાના બળને સહજ રીતે શૈલીના વિવિધ ઓપો આપીને પુસ્તક લખ્યું છે.

લેખકની પાસે ભાષાના, વિચારોના અનેક આરોહ - અવરોહ છે. તેની શૈલીમાં નાટ્યાત્મકતા છે. નર્મ-મર્મને ઉદ્‌બોધનની તથા વ્યાજ સ્તુતિની સૂઝ છે. તેના કારણે પુસ્તકનું પોત ક્યાંક ખરબચડું, ક્યાંક મૃદુ, ક્યાંક સંવેદનની અનેક ભાતોથી આકર્ષક બન્યું છે.

- *હર્ષા ત્રિવેદી*

© નીતિન પ્રહ્લાદભાઈ શર્મા

| | | |
|---|---|---|
| **પુસ્તક** | **:** | **મારી અમરનાથની યાત્રા (એક યાદગાર અનુભવ)** |
| **પ્રથમ આવૃત્તિ** | **:** | મે, ૨૦૦૩ |
| **પ્રત** | **:** | ૧૦૦૦ |
| **મૂલ્ય** | : | પ્રસાદી રૂપે |
| **ડી.ટી.પી/મુખપૃષ્ઠ** | **:** | **રિદ્ધિ સિદ્ધિ કૉમ્પ્યુટર ગ્રાફિક્સ - અંધેરી** |
| **પ્રોસેસીંગ** | **:** | **એફ-૯ પ્રોસેસિંગ હાઉસ - અંધેરી**<br>**ટેલી.: ૨૮૨૪૫૨૩૩/૩૫** |
| **પ્રિન્ટિંગ** | **:** | **પ્રિન્ટોપ - અંધેરી**<br>**ટેલી.: ૨૮૫૦૧૨૧૦/૨૮૫૯૭૬૫૧/૫૬૯૨૩૭૯૪/૯૫** |
| **પુસ્તક પ્રાપ્તિ** | **:** | **નીતિન પ્રહલાદભાઈ શર્મા**<br>**રિદ્ધિ સિદ્ધિ કૉમ્પ્યુટર ગ્રાફિક્સ**,<br>શોપ નં. ૩, રાજમહલ, સર એમ. વી. રોડ,<br>અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.<br>ટે.લી. : ૨૬૮૪૦૪૨૧ / ૨૬૮૩૭૮૮૦<br>મોબાઈલ : ૯૮૩૩૬૪૬૪૮૮<br>e-mail : rscg_gm@yahoo.co.in<br>rscg_gm@vsnl.net |

# આભાર

આ પુસ્તકના લેખનકાર્ય માટે મને પ્રોત્સાહિત કરવા માટે હું હર્ષાબેન ધીરેનભાઈ ત્રિવેદીનો ખૂબજ આભારી છું. આ લખાણ પુસ્તક રૂપે પ્રગટ થયા પહેલાં જ મારા પરિવારજનો, સંગાથી મિત્રો અને ઘણાં સગાં-સબંધીઓ એને વાંચી ચૂક્યા છે અને એમના જ પ્રોત્સાહન રૂપે આ વર્ણનકથા પુસ્તક રૂપે પ્રગટ થઈ રહ્યું છે.

# ઋણ સ્વીકાર

| | | |
|---|---|---|
| અમરનાથ ટૂરના આયોજક | : | શ્રી હરેશભાઈ ત્રિવેદી અને ધિરેનભાઈ ત્રિવેદી |
| પ્રૂફ રીડિંગ | : | શ્રી ત્રિકમભાઈ જોષી |
| નિ:શુલ્ક પ્રિન્ટિંગ | : | શ્રી અશ્વિનભાઈ અને સત્યેનભાઈ વેદ (પ્રિન્ટોપ) |
| નિ:શુલ્ક પ્રોસેસિંગ | : | શ્રી પ્રવિણભાઈ ગાલા (એફ ૯ પ્રોસેસિંગ હાઉસ)<br>શ્રી નવિનભાઈ સાવલા |
| નિ:શુલ્ક પેપર | : | અનુપમ પરિવાર |

*- નીતિન પ્ર. શર્મા*

## શ્રદ્ધા + સાહસ + ધીરજ + નસીબ = અમરનાથની યાત્રા

જીવનમાં ઘણીવાર અણધાર્યા પ્રસંગો સર્જાતા હોય છે. જે આપણે ઊંઘમાં પણ ન વિચારતા હોઈએ એ વાત અચાનક આપણી સમક્ષ આવીને ઊભી રહી જાય છે. ૧૯૯૬માં મારા મમ્મી-પપ્પા વિલેપાર્લે ઈસ્ટમાં કોઈકને મળવા જઈ રહ્યાં હતાં. ત્યાં અચાનક એમની નજર એક બોર્ડ ઉપર પડી. જેના પર લખ્યું હતું ''ચલો અમરનાથ''. એમણે અમસ્તા જ પૂછપરછ કરી. ઘરે આવી એમણે એ વિચાર રાખ્યો કે એમની અમરનાથ જવાની ઇચ્છા છે. અને સર્વ સંમતિથી એમ કરવાનું નક્કી કર્યું. પૂરી તૈયારી સાથે તેઓ અમરનાથની સાથે સાથે દિલ્લી, આગ્રા, મથુરા વગેરેની લાંબી ટૂર પર ઉપડી ગયાં. સૌ પ્રથમ એમણે અમરનાથનાં દર્શન કરવાના હતાં અને પછી બીજી જગ્યાએ જવાનું હતું.

અમરનાથની યાત્રા એટલે ''શ્રદ્ધા + સાહસ + ધીરજ + નસીબ''. તમારી પાસે શ્રદ્ધા, સાહસ અને ધીરજ આ ત્રણેય હોય પણ જો નસીબ ન હોય તો અમરનાથની યાત્રા થતી નથી અને એનું ઉદાહરણ છે મારાં મમ્મી-પપ્પા. જે દિવસે તેઓ ચંદનવાડી (અમરનાથની યાત્રા જ્યાંથી શરૂ થાય છે તે જગ્યા) થી યાત્રાનો શુભારંભ કરવાનાં હતાં તેજ દિવસે જોરદાર વરસાદ અને બીજા દિવસે બરફનો વરસાદ પડતાં પૂરા ૮ દિવસ હેરાન પરેશાન થઈને બાકીની જગ્યાએ ફરીને સહીસલામત ઘરે પાછાં આવ્યાં. પણ એમને અને સાથે સાથે અમને પણ એક અફસોસ રહી ગયો કે આટલી દૂર, અને આટલી શ્રદ્ધા સાથે ગયાં હતાં પણ જાત્રા અધૂરી રહી. અમરનાથની જાત્રાનો એ અધ્યાય અધૂરો રહી ગયો.

પૂરાં ચાર વર્ષ પછી અમરનાથની જાત્રાનો એ અધૂરો અધ્યાય ફરી પાછો ખૂલ્યો. પણ આ વખતે પાત્ર બદલાઈ ગયું હતું. મારા મમ્મી-પપ્પાને બદલે મારો નંબર લાગ્યો અને એ પણ એકદમ અચાનક.

એ દિવસ હતો બુધવાર, તા. ૧૪-૬-૨૦૦૦નો. હું મારા મિત્ર ધીરેનભાઈ ત્રિવેદીના ઘરે અચાનક જઈ ચઢ્યો. ત્યારે તેઓ એક સૂટકેસ ભરી રહ્યા હતા. મેં અમસ્તું કહ્યું ''હમણાં તો ચારધામ જઈ આવ્યા પાછા ક્યાંની તૈયારી કરો છો'' તો જવાબ મળ્યો ''એમાં એવું છેને (આ એમની આગવી સ્ટાઈલ અથવા તો કહોકે લહેકો છે) નીતિનભાઈ, આતો મારી બેનની સૂટકેસ છે, જે પાછી આપવા જઈ રહ્યો છું. પણ હા આવતા મહિને અમરનાથની જાત્રાએ જઈ રહ્યો છું. એમનું આટલું બોલવું હતું અને મારા મોઢામાંથી સરી પડ્યું ''હેં, શું વાત કરો છો ! તો તો મારું પણ નામ લખી દેજો. ૯૯ ટકા પાકું બાકી ૧ ટકો ઘરવાળાંની મંજુરી પર આધાર રાખે છે.'' મને વિશ્વાસ હતો જ કે કોઈ ના નહીં પાડે, અને હા પડાવવા મેં થોડી અંચાઈ પણ કરી. મમ્મી-પપ્પા એ વખતે ગામ ગયાં હતાં. માટે સર્વ પ્રથમ સંમતિ મે પત્ની પાસે માગી. મેં એને કહયું હું તને એક સવાલ પૂછીશ તારે હા અથવા ના માં જવાબ આપવાનો. પછી મેં સવાલ પૂછ્યો ''હું જાઉં ?'' તો જવાબ આવ્યો ''ના''. હું તો ગભરાઈ ગયો. ધત્ તેરી કી પ્રથમ ગ્રાસે મક્ષિકા. પણ હિંમત ન હારતાં મેં મૌનવ્રત નું હથિયાર ઉગામ્યુ (આજની તારીખમાં પણ એ અસરદાર અને ધારદાર છે. પતિ-પત્નીએ ઝગડો કરવા કરતાં આ હથિયાર વાપરવું એવી મારી અહિંસક સલાહ છે.). રાત પડતાં પહેલાં જ રિઝલ્ટ આવ્યું. પત્નીએ મને પૂછ્યું ''પણ એ તો કહો કે તમારે ક્યાં જવું છે ?''. મેં મારી વાત પકડી રાખતાં કહ્યું ''ના, પહેલાં મને હા કે ના નો જવાબ આપ તો કહું. તો મને કહે ''હા ! હા ! હા !''. મે કહ્યું 'અમરનાથ'. ત્યાં તો પાછો સામે વળતો ઘા આવ્યો 'ના.... ના.... અને ના....'. વળી પાછો મુઝાયો. પછી માંડીને બધી વાત કરી કે હું ધીરેનભાઈ અને એમના મિત્રો સાથે જઈ રહ્યો છું અને પછી થોડી પ્રેમથી સમજાવી ત્યારપછી એણે મને મંજૂરી આપી (જગ જીત્યો ભાઈ કાણિયો). પત્નીની હા પછી મારે ઘરમાં બાકી બધાંને ખાલી કહેવાનું જ હતું કે મેં અમરનાથ જવાનું નક્કી કર્યું છે. પણ એમ ન કરતાં મે બધાંને આગળની ટેકનિક થી બાંધી લીધા અને બધાએ મને પ્રેમથી એમ કરવા મંજૂરી આપી દીધી.

અમારી આ જાત્રાનું આયોજન હરેશભાઈ ત્રિવેદીએ કર્યું હતું. આ ભાઈ દર વર્ષે વૈષ્ણો દેવીની જાત્રાનું આયોજન કરે છે. અને મારા મમ્મી-પપ્પા એમની દ્વારા આયોજિત એ જાત્રામાં જઈ આવ્યાં હતાં. અને એમને એ એક સારો યાદગાર પ્રવાસ અને આયોજન લાગ્યું હતું. તેથી જ્યારે મંજૂરી માગતાં મારા પપ્પાને મેં વાત કરી કે અમરનાથની જાત્રાનું આયોજન હરેશભાઈએ કર્યુ છે તો તેઓ એકદમ ખુશ થઈ ગયા અને કહ્યું કે તેઓ તમને આ જાત્રામાં જરાપણ તકલીફ નહીં પડવા દે અને તમને સારી રીતે આ જાત્રા કરાવશે અને એમની એ વાત તદ્દન સાચી પડી.

હવે શું ? જતાં પહેલાં અમરનાથની જાત્રા વિશે સૌ પ્રથમ તો મારા પપ્પાએ એમની જાત્રાનો જે અનુભવ લખ્યો હતો એ વાંચી ગયો. પછી એને લગતી બધી બાબતો જેઓ આ પહેલાં અમરનાથ જઈ આવ્યા છે એમની સાથે ચર્ચી. અને એને લગતી બધી તૈયારી કરવા લાગ્યો. પણ એ માટે મારી પાસે પૂરો એક મહિનો હતો. એ એક મહિનો મારા માટે કેમે કરી ને ખૂટતો ન હતો. કારણકે મારી ૩૨ વર્ષની જિંદગીમાં આ મારી પ્રથમ લાંબી પૂરા અગિયાર દિવસની જાત્રા હતી. મનમાં એક ડર હતો કે ન કરે નારાયણ ને કોઈ કારણસર આ જાત્રા કૅન્સલ થાય તો ? અથવા કોઈ વિઘ્ન આવી પડે તો ? એવી આશંકાઓથી મારું મન ડરતું હતું. ક્યારેક રાત્રે મોડે સુધી જાગતો વિચાર કરતો પડ્યો રહેતો હતો. પણ સારા નસીબે એવું કશું ન થયું.

છતાં પણ ''સારા કામમાં સો વિઘ્ન'' ઉક્તિ જેણે પણ કહી હશે તે યથાર્થ છે. અને આમ પણ અમરનાથની જાત્રા કઠીન, મુશ્કેલીભરી અને યાતનાભરી અમથી નથી કહેવાઈ.

# મુંબઈ - ૧૬-૦૭-૨૦૦૦, રવિવાર

(વિઘ્ન નંબર ૧) તા. ૧૬-૭-૨૦૦૦ને રવિવારે અમારે અમરનાથની યાત્રાનો શુભારંભ કરવાનો હતો, ત્યારે એની પૂર્વસંધ્યાએ એટલે કે તા. ૧૫-૭-૨૦૦૦ને શનિવારે એકદમ અચાનક મહારાષ્ટ્ર સરકારને શું સૂઝ્યું કે એમણે શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેની ધરપકડ કરવાનો વિચાર કર્યો. એકદમ હવામાને પલટો ખાધો. મુંબઈ બંધનું એલાન થઈ ગયું, રસ્તાઓ સુમસામ થઈ ગયા, ટ્રેન અને બસનો વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો. આવા સમયે હું ઘરેથી કેમેરાનો રોલ લેવા નીકળ્યો. સારા નસીબે રોલ મળ્યા પણ ત્યાર પછી દુકાનો બંધ થવા લાગી. આવું વાતાવરણ જોઈને મારી મનોદશા ખરાબ થઈ ગઈ. આખી રાત ઊંઘ ન આવી. બીજા દિવસે કેવી રીતે જવાશે અથવા તો કેવી રીતે જઈશું એવા વિચારોએ મનમાં ઉત્પાત મચાવી દીધો. છેવટે ધર્મેશ જોડે વાત કરી એમ નક્કી કર્યું કે સવારે વહેલા નીકળી જવું, પછી ભલે બૉમ્બે સેન્ટ્રલ બેસવું પડે તો વાંધો નહીં.

બીજા દિવસે સવારે (તા. ૧૬-૭-૨૦૦૦ રવિવાર) હું અને ધર્મેશ, મારા પપ્પા, મારો ભાઈ વિરેન, ધર્મેશનો ભાઈ હર્ષદ વગેરે સવારે ૯.૦૦ વાગે વિલેપાર્લેથી લોકલ ટ્રેન પકડી મુંબઈ સેન્ટ્રલ જવા રવાના થયા. સારા નસીબે સવારના કોઈ ધમાલ નહોતી. અમે ૯.૩૦ વાગે મુંબઈ સેન્ટ્રલ પહોંચી ગયા. હર્ષદ અને વિરેન બન્ને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશને મૂકેલા કૉમ્પ્યુટરમાં જ્યાં બધી આવનાર અને જનાર દરેક ટ્રેનનો સમય અને તે સમયસર છે અથવા લેટ છે તે દર્શાવે છે તે ત્યાં જોવા ગયા. આવી ને કહ્યું કે ટ્રેન સમયસર છે. અમારે પશ્ચિમ એક્સપ્રેસ દ્વારા દિલ્હી જવાનું હતું અને ત્યાંથી શાલિમાર એક્સપ્રેસ દ્વારા જમ્મુ પહોંચવાનું હતું.

ધીરે ધીરે સમય પસાર થતો ગયો અને બીજા બધા અમારા સંગાથી યાત્રીઓ આવવા માંડ્યા. બરોબર ૧૧.૦૦ વાગે ટ્રેન પ્લેટફોર્મ પર મૂકાઈ. અમને અપાયેલી સૂચના અનુસાર અમારી સીટ ઉપર સામાન મૂકી ગોઠવાઈ ગયા. અત્યાર સુધી આ યાત્રામાં હું ફક્ત ત્રણ જ જણથી પરિચિત હતો. એક ધીરનભાઈ, ધર્મેશ અને સંદીપભાઈ. મારી અને ધર્મેશની સીટ સાથે હતી અને બાકીના બીજા ડબ્બામાં ફેલાયેલા હતા. બરોબર ૧૧.૩૦ વાગે અમારી ટ્રેને સ્ટાર્ટ લીધું અને ધીમે ધીમે સરકતી ચાલી. પપ્પા અને ભાઈથી સજળ નેત્રે વિદાય લીધી. અમારા ડબ્બામાં લગભગ બધા જ યાત્રાળુ અમરનાથ જવાવાળા હતા. અમારી સાઈટ બર્થ હતી મારી સામે અમારા ગ્રુપના રાકેશભાઈ હતા તેઓ ફક્ત દિલ્લી સુધી અમારી સાથે હતા. એમની ટિકિટ કનફર્મ ન હોવાને લીધે તેઓ અમારી એક એક્સટ્રા ટિકિટમાં આવ્યા હતા. તેઓ એમના બિઝનેસના કામથી દિલ્લી આવતા-જતા હોય છે, માટે આ રૂટની દરેક વાતો તથા દિલ્હીની નાનામાં નાની વાત જેમકે ક્યાં રહેવું, શું ખાવું, ક્યાં ખાવું, ક્યાંથી શું ખરીદવું, ક્યાંથી શું ન ખરીદવું વગેરે વાતો તેમણે દિલ્લી સુધી અમારી સાથે ખુલ્લા દિલે કરી. એમને મળતાંની સાથે એવું લાગ્યું કે અમે જૂના મિત્રો છીએ.

ટ્રેન મુંબઈની બહાર નીકળી ચૂકી હતી. વરસાદની સીઝન હતી પણ વરસાદ ન હતો, તેમ છતાંય બારી બહારના દૃશ્યો લીલોતરી ભર્યા, અને તાજગીભર્યા હતા. હવામાન ઠંડક અને તાજગીભર્યું હતું. એક વાગે અમને હલદીરામનું લંચ બોક્સ આપવામાં આવ્યું. એમાં બે શાક, ત્રણ પરોઠા, રસમલાઈ, બિરયાની, દાળ, દહીં વગેરે ખાસ્સી માત્રામાં હતું. જમીને ન્યૂઝપેપર વાંચી ટાઈમ પસાર કર્યો. સાંજે લગભગ ૬.૦૦ વાગે વડોદરા આવ્યું. ત્યાંથી આ ટ્રેન રતલામ રૂટ ઉપર આગળ વધે છે. વડોદરાથી રતલામ રૂટ ઉપર વચમાં ક્યાંય પણ ટ્રેન માટે પાણી, સર્વિસીંગ અથવા ક્લિનીંગની સગવડતા નથી માટે વડોદરા સ્ટેશન પર ટ્રેન લગભગ અડધો કલાક રોકાય છે. જ્યાં દરેક ડબ્બામાં પાણી ભરાય છે તથા એનાં ટૉયલેટ દવા છાંટીને સાફ કરવામાં આવે છે.

ટ્રેન વડોદરા છોડી રતલામ તરફ આગળ વધી દરમ્યાન વરસાદની શરૂઆત થઈ ચૂકી હતી. વાતાવરણ ઠંડુ બની ગયું હતું. અને સૂરજ પર કાળા વાદળ દ્વારા આક્રમણ થતાં એ પણ સમય પહેલાં ઘર ભેગો થઈ ગયો અને ચારે તરફ અંધકારના ઓળા ઉતરી આવ્યા. રાત ઘેરાતી જતી હતી અને ટ્રેન એની મસ્તીમાં ઝડપથી દિલ્લી તરફ ભાગી રહી હતી. બપોરનું જમવાનું એટલું હેવી હતું કે રાતના કોઈની જમવાની ઇચ્છા હતી. વળી એમાં બપોરના બ્રેડ-બટર અને થોડો સૂકો નાસ્તો આપવામાં આવ્યો. છતાં રાત્રે જમવામાં સેન્ડવીચનો સામાન આપવામાં આવ્યો જે અમારે જાતે બનાવીને ખાવાની હતી. પણ એને બદલે અમે સતીશભાઈ અને સંદીપભાઈ જે ઘરેથી થેપલાં, ભાખરી, ઢોકળાં લાવ્યા હતાં તે ખાઈને પેટ ભરી લીધું. ધીરે ધીરે બધા પોતપોતાની બર્થ પર લંબાવા માંડ્યા. જમવામાં આટલી બધી આઈટમ ખાધા પછી પણ રાત્રે ૧૨.૦૦ વાગે ગ્રુપમાં બધાને ઊંઘમાંથી ઊઠાડી રતલામ સ્ટેશને આઈસ્ક્રિમ ખવડાવી.

સવારે લગભગ ૭.૦૦ વાગે મથુરા આવ્યું. કૃષ્ણની જન્મભૂમિ. અમારી સાથેના રાકેશભાઈ જેઓ આ રૂટ પર છેલ્લાં દસ વર્ષથી સફર કરે છે તેમણે એક આશ્ચર્યજનક વાત કરી. કે સવારના મથુરાથી દિલ્લી તરફ જનાર દરેક લાંબા રૂટની ટ્રેનમાં મથુરાથી નિઝામુદ્દીન સુધી એટલેકે લગભગ બેકલાક ના સમય દરમ્યાન રેલવેની પેન્ટ્રીકારમાંથી રેલવે દ્વાર ચા-કોફીનું વેચાણ બંધ કરવામાં આવે છે અને એની જગ્યાએ સવારનો પૂરેપૂરો બિઝનેસ કવર કરવા ત્યાથી પ્રાઈવેટ ગ્રુપના માણસો ચડીને આખી ટ્રેનમાં ચા-કોફી વેચે છે. ભૂલેચૂકે પણ રેલવેના કોઈ માણસ પાસે ચા-કોફી માગો તો કહે ''અભી નહીં, નિઝામુદ્દીન કે બાદ''. કહેવાય છેકે આ ગ્રુપ મહીને લગભગ એક લાખ રૂપિયાનો હપ્તો આપે છે. આ સાંભળ્યા પછી આપણને થાય કે આવી રીતે ક્યાંથી આપણી ઇન્ડિયન રેલવે ઉપર આવી શકે ?

# દિલ્લી - ૧૭-૦૭-૨૦૦૦, સોમવાર

સવારના લગભગ ૯.૩૦ - ૧૦.૦૦ વાગે અમે દિલ્લી સ્ટેશને પહોંચ્યા. વેઈટીંગ રૂમમાં બધાનો સામાન ગોઠવ્યા પછી ટ્રેનની લાંબી મુસાફરીનો થાક ઉતારવા વારાફરતી નાહી લીધું. દિલ્લીથી અમારી કનેક્ટેડ ટ્રેન શાલીમાર એક્સપ્રેસ સાંજે ૪.૦૦ વાગ્યાની હતી. માટે અમારી પાસે લગભગ છ કલાકનો સમય હતો. હું અને ધર્મેશ પ્રથમવાર દિલ્લી આવ્યા હોવાથી અમે આ સમય દિલ્લી જોવામાં ગાળવાનું નક્કી કર્યું. અમારા સામાનની જવાબદારી ધીરેનભાઈને સોંપી અમે બન્ને સ્ટેશનની બહાર નીકળ્યા.

આપણે ફરવા નીકળીએ ત્યારે જો આપણે સાવચેત ન રહીએ તો છેતરાઈ જવાના ચાન્સ વધારે રહે છે. આમ પણ દિલ્લી ઠગોની નગરી કહેવાય છે, માટે તમારે સાવધાન રહેવું ખાસ જરૂરી બની જાય છે. અમને પણ નાનો ચમત્કાર જોવા મળ્યો, પણ અમે સાવધાન હતા એટલે બચી ગયા. એમાં બન્યું એવું કે અમે જેવા સ્ટેશનની બહાર નીકળ્યા ત્યાં રિક્ષાઓની લાંબી લાઈન લાગી હતી. એક રિક્ષાવાળા જોડે વાત કરી કે અમારે બે-ત્રણ કલાકમાં દિલ્લી જોવું છે. તો એણે અમને ૪૦૦ રૂપિયા કહ્યા અને અમે એને સામે ૨૦૦ રૂપિયા કહ્યા આમ અમારી આ રકઝક ચાલતી હતી ત્યાં એક માણસ આવ્યો અને અમને કહેવા લાગ્યો કે તમે આને વધારે રૂપિયા આપી રહ્યા છો. સ્ટેશનની બહાર નીકળો ત્યાં ટૂરીઝમની ઓફીસ છે તમને ત્યાંથી દિલ્લી દર્શન માટે સસ્તામાં વાહન મળી રહેશે. અમને એમ કે આ વાત કરી એ જતો રહેશે, પણ પેલા રીક્ષાવાળા જોડે રકઝક કરતાં અમે ચાલતાં ચાલતાં સ્ટેશનની બહાર નીકળી ગયા ત્યા સુધી પેલો માણસ અમારી પાછળ પાછળ આવતો હતો. પછી એણે દૂરથી અમને એ ટૂરીઝમની ઑફિસ પણ દેખાડી. અમે એને થેન્કયુ કહી ટુરીઝમની ઓફીસ તરફ જવા લાગ્યા તો પાછો એ માણસ અમારી સાથે સાથે આવવા લાગ્યો. ત્યારે અમને શંકા ગઈ કે કાંઈક ગરબડ છે. છતાં પણ અમે એ ઑફિસમાં પૂછપરછ કરી તો જાણવા મળ્યુ કે એતો કોઈક ટ્રાવેલસવાળાની ઑફિસ હતી અને એણે અમને દિલ્લી દેખાડવાના રૂપિયા ૭૦૦ કહ્યા. અમે તરત બહાર નીકળી ગયા. ત્યાં એક રિક્ષાવાળો રૂા. ૨૫૦માં અમને દિલ્લી દેખાડવા તૈયાર થયો અને અમે એ રિક્ષામાં ચડી બેઠા.



રિક્ષા સૌ પ્રથમ અમને પાર્લામેન્ટ અને પછી રાષ્ટ્રપતિભવન લઈ ગઈ ત્યાં થોડા ફોટા પાડ્યા. રાષ્ટ્રપતિ ભવન પાસે તમે ઊભા રહો તો ત્યાંથી એક લાંબો અને સળંગ રોડ લગભગ ૬ કિલોમીટર સુધી જાય છે. જે ઇન્ડીયા ગેટ થઈને આગળ વધે છે. અને જ્યાં દર ૨૬મી જાન્યુઆરીએ પરેડનું આયોજન થાય છે. સમય ઓછો હોવાથી અમે રાષ્ટ્રપતિભવન બહારથી જોઈ ઈન્ડિયા ગેટ તરફ આગળ વધ્યા. જેવા ઈન્ડીયા ગેટ પહોંચ્યા તો એનાથી થોડેક દૂર સિક્યોરીટી ગાર્ડે અમને રોક્યા અને કહ્યું કે શહિદ દિનની તૈયારીને કારણે હમણાં ઇન્ડિયા ગેટની નજીક જવાની પરમિશન નથી માટે તમે અહીંથી જતા રહો. અમે કહ્યું કે અમને અહીં ફોટા પાડવા દે, તો એને માટે પણ અમને ના પાડવામાં આવી છતાંય અમે ત્યા ઇન્ડીયા ગેટ સાથે ફોટા પાડ્યા.

ત્યાંથી આવ્યા ભારત દેશને એકલે હાથે પોતાનું સર્વસ્વ હોમી આઝાદી અપાવનાર રાષ્ટ્રપિતા મહાત્મા મોહનદાસ કરમચંદ ગાંધીની સમાધિએ. ખૂબજ સુંદર અને શાંત જગ્યા છે. આજે જ્યારે પરિસ્થિતિ એવી છે કે નવી પેઢીની સામે મહાત્મા ગાંધી આ દેશના એક દુશ્મન હતા, આ દેશના ભાગલા પડાવ્યા, અને આજની પરિસ્થિતિ માટે એમને જવાબદાર ઠરાવી એમના વિરૂદ્ધની હવા આજના જમાનાના નેતાઓ અને બીજી વ્યક્તિઓ ફેલાવી રહ્યા છે અને નથુરામ ગોડસેને મહાન ચિતરી રહ્યા છે. આમ છતાંય ગાંધીજીને ભાગે આ સમાધિ જેટલીતો જગ્યા આવી ! એનો આનંદ લઈ નત્ મસ્તકે એમને પ્રણામ કરી અમે ત્યાંથી આગળ વધ્યા.



ત્યાંથી અમે આવ્યા લાલ કિલ્લા પાસે. પણ હાય રે અમારી કિસ્મત ! એ દિવસે સોમવાર હતો અને સોમવારે લાલ કિલ્લો મુલાકાતીઓ માટે બંધ હોય છે. આમ છતાંય બહારથી અમે એને મનભરીને નીરખ્યો. એની ભવ્યતા ફક્ત બહારથી જોઈ શક્યા. એનો લાલ રંગ આજે પણ જાણે એજ ખૂમારી સાથે ઊંચા મસ્તકે એના ભવ્ય ઈતિહાસની ઝાંખી કરાવતો હોય એવો ભાસ થયો.



ત્યાંથી નીકળી અમે ચાંદની ચોક આવ્યા. ત્યાં પુષ્કળ ટ્રાફિક હતો. ત્યાં એક જ લાઈનમાં એક દેરાસર, મંદિર અને ગુરુદ્વારા અલગ અલગ ધર્મની એકતાનું પ્રદર્શન કરતા હતા. અમે ત્યાં હલદિરામમાં સમોસા ખાધાં અને ત્યાંથી થોડેક દૂર એક સરદારજીની ફાલુદાની પ્રખ્યાત દુકાનમાંથી ફાલુદા ખાધો. જોકે અમારી અપેક્ષા કરતાં ઘણો જ અલગ હતો. મોટે ભાગે મુંબઈમાં શિવસાગરનો ફાલુદો આપણે જાણીએ પણ અહીં દિલ્લીમાં ફાલુદો એટલે જાડી મલાઈદાર રબડીની ઉપર સેવ નાખીને આપે એ ફાલુદો.

લગભગ અઢી વાગવા આવ્યા હતા અને અમારે ત્રણ વાગે સ્ટેશને પહોંચી જવાનું હતું માટે ત્યાંથી અમે દિલ્લી દર્શન પતાવી તરત સ્ટેશને પાછા આવી ગયા. જ્યાં અમારા સાથી મિત્રો અમારી રાહ જોતા હતા. કુલી દ્વારા બધાનો સામાન પ્લેટફોર્મ નં. ૧ થી ૯ ઉપર ફેરવી અમે બધા શાલીમાર એક્સપ્રેસમાં ગોઠવાયા. બરાબર ૪.૦૦ વાગે ટ્રેને દિલ્લી સ્ટેશન છોડી જમ્મુ તરફ પોતાની દોટ લગાવી.

આ જગ્યાએ હું એક સૂચન કરવા ચાહું છું. જ્યારે પણ ક્યારે કોઈએ મુંબઈથી જમ્મુ જવું હોય ત્યારે વાયા દિલ્લી ન જતાં મુંબઈથી ઉપડતી જમ્મુતાવી ટ્રેનમાં જવું સારું પડે કારણ કે વાયા દિલ્લી જતાં આપણને બે દિવસ એટલેકે લગભગ ૪૮ કલાક જેટલો સમય લાગે છે. જ્યારે ડાયરેક્ટ જમ્મુતાવીની ટ્રેન આપણને લગભગ ૩૦ કલાકમાં પહોંચાડી દે છે.

દિલ્લી સ્ટેશનથી સાંજે ૪.૦૦ વાગે જમ્મુ જવા નીકળેલી શાલિમાર એક્સપ્રેસ આમ થોડી અમને ત્રાસદાયક નીવડી. કારણકે આ ટ્રેને યુ.પી., પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ થઈ જમ્મુ સવારે ૮.૩૦ કલાકે અમને પહોંચાડ્યા એટલે લગભગ ૧૭ કલાક. અને એ પણ સાંજે ૪.૦૦થી રાત્રના ૮.૦૦-૮.૩૦ સુધી અપડાઉનવાળા મહારથીઓએ ખૂબ હેરાન કર્યા. અપડાઉન કરનારાઓની દાદાગીરી બધીજ જગ્યાએ સરખી હોય છે. એમાં ટી.સી.ને તો અપડાઉનવાળા મિ. ઈન્ડિયાની જેવા દેખાય (અદૃશ્ય). અને એમાં પાછી ટ્રેન પણ એવી જ. જેમ સ્ત્રી પરણ્યા પછી પહેલીવાર પિયર પાછી આવે ત્યારે જેવી ગામમાં પ્રવેશ કરે અને દરેકના ઘરે મળતી જાય અને છેક બે કલાકે એના ઘરે પહોંચે એવી રીતે અમારી ટ્રેન દરેક નાનાં હોય કે મોટાં સ્ટેશને પડાવ નાખતી. પણ આનું એક બીજું કારણ એ પણ હતું કે અહીં ફક્ત એકજ ટ્રેક હોવાથી દરેક ટ્રેને સામે આવનારી ટ્રેનને સાઈડ આપવી જ પડે. રાત્રે ટ્રેનમાં અમને સરસ મજાનું ચાટનું ભોજન કરાવ્યું.

## જમ્મુતાવી - ૧૮-૦૭-૨૦૦૦, મંગળવાર

સવારના લગભગ ૮.૩૦ વાગે અમે જમ્મુ પહોંચ્યા. જે અમારી ધારણા કરતાં અમે મોડા હતા, આથી રસ્તામાંથી ટૂરના આયોજક હરેશભાઈએ જમ્મુથી ઉપડનારી અમારી બસ કેન્સલ કરાવી પાંચ સુમો ગાડી ભાડે કરી રાખી હતી. જમ્મુ ઉતરતાં જ ફટાફટ બધાનો સામાન સ્ટેશન બહાર ટૅક્સિ સ્ટેન્ડ પર ઊભેલી સુમોમાં ગોઠવાવા લાગ્યા. અને લગભગ અડધા જ કલાકમાં અમે ત્યાંથી એટલે કે જમ્મુથી પહેલગામ જવા રવાના થયાં.

(વિઘ્ન નં. ૨) જમ્મુથી લગભગ અમે ૧૦ કિલોમીટર દૂર પહોંચ્યા હશું ત્યાં જ એક સિક્યોરીટી પોસ્ટ ઉપર અમારા ઉપરાંત ઘણા લોકોને રોક્યા. અમને એમ કે સિક્યોરીટી ચેક કરીને આગળ જવા દેશે પણ એવું કશું જ ન થયું. ઉલટાનું અમને બધાને પાછા કાઢી મૂક્યા અને કહ્યું કે તમે જે રજિસ્ટ્રેશન કરાવી આવ્યા છો તેનું સવારે જમ્મુ સ્ટેડીયમમાં ચેકીંગ કરાવી સિક્યોરીટી પાસ લઈ સવારે ૬.૦૦ વાગ્યા પહેલાં આવશો તો જ તમને આગળ પહેલગામ જવા મળશે. અમે બધા નિરાશ વદને જમ્મુ સ્ટેશન પાછા આવ્યા.



૧૯૯૬માં ભારે વરસાદ અને બરફ પડવાને લીધે ઘણાં લોકો મરી ગયા હતા. માટે ત્યાર પછી તેઓએ અમરનાથની યાત્રા કરવા માટે રજિસ્ટ્રેશન કમ્પલસરી કરી નાખ્યું હતું. પણ આ વર્ષે એટલેકે ૨૦૦૦માં ઘણા એજન્ટો અને ઓફિસરોએ પૈસા ખાઈને નકલી રજીસ્ટ્રેશન કરી આપ્યાં હતાં. અને બીજા ઘણા એવા યાત્રાળુઓ હતા જેઓને આ બાબતની ખબરજ ન હતી અને વગર રજીસ્ટ્રેશને તેઓ અમરનાથની જાત્રા કરવા જમ્મુ આવી ગયા હતા. તેઓને પારાવાર મુશ્કેલીઓ પડી રહી હતી.

જમ્મુ સ્ટેશનની બરોબર બહાર વૈષ્ણવી ધામની ઘણી મોટી ધરમશાળા આવી છે. દરેક સામાન્ય વ્યક્તિને પરવડે એવી કિંમત એટલેકે રૂા. ૩૦ વ્યક્તિ દીઠ રાખેલ છે. એક મોટા રૂમમાં ૧૫ બેડ એવા ઘણા રૂમ ચાર માળ ઉપર આ ધરમશાળામાં છે. અમારા ટૂર આયોજક હરેશભાઈએ અમારા રહેવાની વ્યવસ્થા કરી દીધી. અમે અમારી રૂમમાં સામાન ગોઠવી નાહી-ધોઈને ફ્રેશ થઈ ગયા. બપોરે જમીને સૂઈ ગયા. અહીં પહોંચી અમારા ગ્રુપમાં એક બાબતે મતભેદ થતા લાંબી ચર્ચા થઈ. એ વાત એમ હતી કે અમરનાથ જવા માટે બે રૂટ છે : એક પહેલગામથી અને બીજો બાલતાલ (શ્રીનગર)થી. આમાં પહેલગામથી જઈએ તો ૪૮ કિ.મી. અને બાલતાલથી જઈએ તો ૧૬ કિ.મી. નો રસ્તો પાર કરવો પડે છે. બાલતાલનો રસ્તો સાંકડો અને વધારે ખતરનાક છે. બાલતાલ શ્રીનગરથી જવાય અને એ દ્રાસ સેક્ટરની એટલેકે પાકિસ્તાન બોર્ડરની નજીક આવેલું છે. જ્યારે પહેલગામ રૂટ લાંબો પણ બાલતાલ કરતાં ઓછો જોખમી અને સારો છે. ૮૦ ટકા લોકો પહેલગામથી જવાનું વધારે પસંદ કરે છે. આ વાત ઉપર અમારા ગ્રુપમાં અમુક લોકો બાલતાલથી જવા માગતા હતા અને અમુક લોકો પહેલગામથી. આમાં અમે પહેલગામથી જવા માટે મક્કમ હતા. લાંબી ચર્ચા બાદ ટૂર આયોજક હરેશભાઈએ નક્કી કર્યું કે બધાએ પહેલગામથી જ જવાનું છે. અને બધાએ એમ કરવા સર્વસંમતિથી મંજૂરી આપી.

અહીં સુધી ધીરેનભાઈની ઓળખાણથી આવેલા અમે આઠ જણા એકબીજાને બરાબર ઓળખતા થઈ ગયા હતા અને અમારા આઠ જણાનું એક ગ્રુપ બની ગયું હતું. એમાં હું પોતે નીતિન શર્મા, ધીરેનભાઈ ત્રિવેદી, ધર્મેશ લિમ્બચીયા, સંદિપભાઈ મહેતા, સતિશભાઈ પંડ્યા, ભરતભાઈ શાહ, મુકેશ શાહ અને સંજય શાહ. આમાં ભરતભાઈ અને મુકેશભાઈ તો અમારા પાડોશી ગામ ગોઝારિયાના નીકળ્યા. સાંજે અમે આઠે જણા એક મારૂતી કાર ભાડે કરી જમ્મુ ફરવા નીકળી ગયા.



મારી માન્યતા પ્રમાણે જમ્મુ ઠંડો પ્રદેશ પણ જે રીતે ગરમી પડતી હતી એ જોઈને નહોતું લાગતું કે એ કાશ્મીરની બાજુમાં આવ્યું છે. અહીં આપણા મુંબઈ જેવી જ ગરમી પડતી હતી. જમ્મુમાં અમે જે ફર્યા એમાં મોટે ભાગે મંદિરો જ હતાં. જેમાં રઘુનાથ ટેમ્પલ ઘણું મોટું અને ખુબ જ સુંદર હતું. રઘુનાથ ટેમ્પલની બે ખાસિયત છે એક તો ત્યાં ૩૩ કરોડ દેવતા શિવલિંગ સ્વરૂપે બનાવ્યા છે. અને બીજી એ કે ત્યાં એક શિવલીંગ છે જે સ્ફટીકમાંથી બનાવ્યું છે અને જેની પાછળ દીવો મુકવામાં આવે છે. જે જોતાં એમ લાગે કે એ દીવો શિવલિંગની અંદર જ્યોતિર્માન છે. ક્યારેક જમ્મુ જવાનું થાય તો રઘુનાથ ટેમ્પલની મુલાકાત અવશ્ય લેવી.



આ સિવાય બીજુ એક મંદિર જે એક ઊંડી ગુફામાં બનાવ્યું છે. જમ્મુમાં એક કિલ્લો છે જ્યાં કાળકામાતાનું સુંદર મંદિર આવ્યું છે. અને એને અડીને એક સુંદર મજાનો બગીચો છે. આ બગીચો કિલ્લાના ઢોળાવ ઉપરથી શરૂ થઈને નીચે તળેટીમાં પૂરો થાય છે. ઉપરના ભાગમાંથી જમ્મુ ગામ અને તાવી નદી ખુબ જ સુંદર દેખાય છે. જમ્મુ શહેર આમ તો ભારે ગીચ દેખાય છે. પણ છે ઘણું જ સુંદર. અહીં ડગલે ને પગલે મિલેટ્રી નું કડક ચેકિંગ થાય છે. અહિંના બજારમાં આપણને ખરીદી કરવા માટે ઘણી વસ્તુ મળે છે જેમકે અખરોટ, બદામ, બાસમતી ચોખા, રાજમા, શાલ, ગાલીચા અને ક્રિકેટના બેટ.




રાત્રે આઠ વાગે જમ્મુ ફરીને અમે વૈષ્ણવી ધામ પાછા આવ્યા. વૈષ્ણવી ધામમાં જમવાનું પણ ઘણું સારું મળે છે ફક્ત ૨૫/- રૂપિયામાં સારી માત્રામાં જમવાનું મળે છે. જમીને અમે રૂમમાં આવ્યા. અમને જમ્મુ આવ્યા પછી અમરનાથ ગુફાના દર્શન લઈ આવેલા યાત્રીઓ પણ મળ્યા. જેમના કહેવા મુજબ ઉપર વધારે પડતો સામાન લઈ જવો મૂર્ખામી છે. કારણકે ત્યાં ખાવાપીવાની અને રહેવા ઓઢવાની સારી વ્યવસ્થા છે. માટે અમે લોકોએ અમારો ઘણો ખરો સામાન જમ્મુ વૈષ્ણવીધામના ક્લોક રૂમમાં જમા કરાવી દીધો. અમને જણાવવામાં આવ્યું કે વહેલી સવારે ૨.૩૦ વાગે તૈયાર થઈ જવાનું હતું અને બસ દ્વારા જમ્મુ સ્ટેડીયમ જઈ સિક્યુરીટી ચેક કરાવી પહેલગામ જવા રવાના થવાનું હતું.

## જમ્મુ - પહેલગામ - તા. ૧૯-૦૭-૨૦૦૦, બુધવાર

(વિઘ્ન નં. ૩) વહેલી સવારે ૩.૦૦ વાગે બસ આવી. બધા તૈયાર થઈને એમાં બેઠા. બસ જમ્મુ સ્ટેડીયમ પહોંચી. ત્યાં પહોંચી જોયું તો અમારા કરતાં પણ પહેલાં આવીને ઘણી બધી બસો ઊભી હતી. છતાં અમારા બસ ડ્રાઈવરે બસને સ્ટેડીયમના દરવાજા પાસે લઈ જઈ ઊભી રાખી. લગભગ ૪.૦૦ વાગ્યા હતા. સ્ટેડીયમના દરવાજા પાસે ઘણી ભીડ હતી. અમાર ટૂર આયોજક હરેશભાઈ બસમાંથી ઉતરી સ્ટેડીયમના દરવાજા પાસે સિક્યોરીટી ગાર્ડની ઓફીસમાં ગયા ઘણી વાર પછી ખબર પડી કે અમને પહેલગામ જવા નહીં મળે. બસમાં બેસેલા દરેક યાત્રીઓ ટેન્સનમાં આવી ગયા. અરે ! હરેશભાઈ પોતે ટેન્શનમાં આવી ગયા હતા.

હવે બન્યું એવુ હતું કે મુંબઈથી જ્યારેઅમે રજીસ્ટ્રેશન કરાવ્યું હતું ત્યારે દર્શનની તારીખ ૩૦મી જુલાઈ મળી હતી, અને અમારી ટ્રેનનું રિઝર્વેશન ૧૬-૦૭-૨૦૦૦ જવાની અને ૨૬-૦૭-૨૦૦૦ પાછા આવવાની ટિકિટનું હતું. આથી હરેશભાઈએ એમની લાગવગ લગાડી દર્શનની તારીખ ૧૯મી જુલાઈની કરાવી. પણ એમાં એવું થયું કે અમારી રજીસ્ટ્રેશન સ્લીપ ઉપર જ્યા ૩૦મી જુલાઈનો સ્ટેમ્પ હતો એની ઉપરજ ૧૯મી જુલાઈનો સ્ટેમ્પ એ ઑફિસર મારી આપ્યો હતો. અને અત્યારે સ્ટેડીયમ ઉપરનો ઑફિસર એ વાત પકડીને બસી ગયો કે તમારા લોકોનું રજીસ્ટ્રેશન નકલી છે. તમને આગળ જવા મળશે નહીં. લગભગ બે કલાક એમની જોડે માથા ફોડી કરી, કેટલો ઝઘડો કર્યો ત્યારે કોણ જાણે એમને શું થયું કે અમને આગળ પહેલગામ જવાની મંજુરી આપી દીધી. હર હર મહાદેવના નાદથી અમારી બસ ગુંજી ઉઠી, દરેક યાત્રી એકદમ ઉત્તેજીત અને આનંદિત થઈ ગયો. અને અમારા બસ ડ્રાઈવરે આંખ મીચીને અમારી બસ પહેલગામના રસ્તા પર દોડાવી.


REGISTRATION CUM IDENTITY SLIP
SHRI AMARNATHJI YATRA 2000
NAME NITIN P. SHARMA
AGE 32
ADDRESS
ROUTE PAHALGAM
REGISTRATION NO.:
DATE OF DARSHAN: 20th July, 2000
76578 Seal & Signature of Registration officer.


જમ્મુથી પહેલગામ ૨૯૦ કિ.મી. નો પહાડી રસ્તો, એક બાજુ ખીણ, બીજી બાજુ ઊંચા ઊંચા પહાડ, ખીણમાં વહેતી નદી, આવા અનુપમ સૌંદર્ય વચ્ચે થી અમારી બસ વિના વિઘ્ને સડસડાટ રસ્તો કાપતી હતી. અમારી બસ જે રસ્તા પર જઈ રહી હતી તેને નેશનલ હાઈવે નં. ૧ કહેવાય છે. આ હાઈવે પર જો પાકિસ્તાન કોઈપણ હિસાબે કબ્જો કરી લે તો આપણા હાથમાંથી કાશ્મીર સદાને માટે જતું રહે. કારણકે કાશ્મીર અને જમ્મુને જોડતો આ એક જ રસ્તો આપણી પાસે છે જેને બીકોન કંપનીએ તૈયાર કર્યો છે. અને એના પર સતત મિલેટ્રીનું પેટ્રોલીંગ ચાલુ જ હોય છે. આ હાઈવે પર ડગલે ને પગલે મિલેટ્રીના જવાનો દિવસ-રાત ચોકી કરતા નજર પડે છે.




જમ્મુથી લગભગ ૧૦૦ કિ.મી. પર રસ્તામાં પટની ટોપ કરીને એક જગ્યા આવે છે. જે ચારે બાજુ વૃક્ષો થી ઘેરાયેલી અને સદા ઠંડકમય વાતાવરણમાં આવેલી છે. એ એટલી ઉંચાઈ પર છે કે ત્યાં આપણને આવતા જતા વાદળો આપણી સાથે હાથ મિલાવતા જોવા મળે છે. ત્યાંથી આગળ વધતાં રસ્તામાં એક જગ્યાએ ભંડારા પાસે અમારી બસ ને થોડો સમય ઊભી રાખી અને બધાએ ત્યાંથી પૂરી-શાક, શીરો, ચા-કોફી, અને પેર-સફરજનનો ભરપેટ નાસ્તો કર્યો. ભંડારો આ સેવા ત્યાંથી પસાર થતા દરેક અમરનાથ યાત્રીને મફત અને ભરપૂર આગ્રહ કરી ફરજીયાત આપે છે. આ રસ્તા પર ક્યાંય પણ વાહન ઊભા કરી શકાતાં નથી. માટે અમારે અમારી બસને સતત દોડતી રાખવી પડી હતી. બપોરના જમવામાં અમારી સાથે જે નાસ્તો લીધો હતો એનાથી જ અમે ચલાવી લીધું.



જમ્મુથી પહેલગામ જતાં રસ્તામાં એક જગ્યા આવે છે કે ત્યાં આગળ રસ્તો પૂરો થઈ જાય છે. અને ત્યાંથી આગળ જવા માટે એક ટનલ નો ઉપયોગ કરવામાં આવે છે. આ ટનલ નું નામ છે જવાહર ટનલ. આ ટનલ એશિયાની લાંબા માં લાંબી અને સૌથી ઉંચાઈએ આવેલી ટનલ છે. આ ટનલ એટલે કુદરત ઉપર માનવીનો વિજય. આ ટનલ ૨.૫ કિલોમિટર લાંબી છે અને એ પણ વનવે. માટે આ ટનલની એક બાજુ ટ્રાફીક ચાલુ હોય તો બીજી બાજુ ટ્રાફીક બંધ હોય જે લગભગ બે-બે કલાકને અંતરે છોડવામાં આવે. માટે એક સાઈડ ચાલુ હોયતો બીજી સાઈડવાળાઓએ બે કલાક રાહ જોવી પડે. અને એપણ ટનલથી લગભગ ત્રણ કિ.મી. દૂર. જો કોઈ કારણસર આ ટનલને કાંઈપણ થાય તો જમ્મુ-પહેલગામનો રસ્તો બંધ થઈ જાય. માટે આ જગ્યાએ પુષ્કળ મિલેટ્રી જોવા મળે છે. આ ટનલના ફોટોગ્રાફ્સ લેવાની પણ મનાઈ છે. અમે જ્યારે આ ટનલ પાસે પહોંચ્યા ત્યારે અમારે ત્યાં લગભગ અર્ધો કલાક લાઈનમાં રાહ જોવી પડી હતી. આ સમય દરમ્યાન અમે બધા બસમાંથી નીચે ઉતરી અમારી ઘણી શંકાઓનું (લઘુ અને ગુરૂ) નિવારણ કર્યું અને આજુબાજુના ફોટોગ્રાફ્સ પાડ્યા. આ જગ્યાએ પણ એક ભંડારો હતો જે બધાને ચા-બિસ્કીટ આપતાં હતાં. અમારી બાજુનો ટ્રાફીક ખૂલ્યો અને અમને આગળ જવાની રજા મળી. અહીંથી આગળ વધતાં અમે સાંજે લગભગ સાડાપાંચ છ વાગ્યાની આસપાસ પહેલગામ પહોંચ્યા. જ્યાં પહેલગામની સરહદમાં પ્રવેશદ્વાર ઉપર અમને દરેક યાત્રીને બસની નીચે ઉતારી બધાની સિક્યોરીટી ચેક કરી અને બસનું પણ ચેકિંગ કર્યું પછી જ અમને આગળ જવા દીધા.

## પહેલગામ



એક બાજુ નદી અને એક બાજુ ગામ ભરપૂર કુદરતી સૌંદર્યથી ઘેરાયેલું પહેલગામ. બેઝ કેમ્પમાં ચારે બાજુ ટેન્ટ (તંબુ) અને ભંડારા પથરાયેલા હતા. અમે જો કોઈ બીજી ટૂરમાં આવ્યા હોત તો અમારે આ ટેન્ટમાં સૂવાનું અને ભંડારામાં ખાવું પડત પણ અમારા ટૂર આયોજક હરેશભાઈએ અમારે માટે એક સાદી પણ સરસ હોટલમાં રાત્રિ મુકામનો બંદોબસ્ત કર્યો અને રાત્રે અમને બધાને ખીચડી, કઢી અને ભાખરીનું ભોજન કરાવ્યું. અમારી હોટલની સામે જ નદી વહેતી હતી. એના વહેણના ખળખળાટનો અવાજ શાંત વાતાવરણમાં બેકગ્રાઉન્ડ મ્યુઝીકની અસર ઊભી કરતો હતો. આતંકવાદીઓના ત્રાસને લીધે અહીં સાંજ પડ્યે સન્નાટો છવાઈ જતો હતો. દુકાનો બંધ કરી લોકો ઘર ભેગા થઈ જતા અને વીજળી (લાઈટ) પણ એકદમ ઝીરો બલ્બની જેમ સળગતી હતી. મુંબઈમાં લાઈટોની ઝળહળાટમાં ટેવાયેલી આંખો અહીંના કાળા અને ભેદી વાતાવરણમાં એક અનોખો અનુભવ કરી રહી હતી. વાતાવરણમાં ઠંડી પણ વધી રહી હતી.

બીજા દિવસે સવારે છ વાગે ઉઠી અમારે ચંદનવાડી તરફ રવાના થવાનું નક્કી થયું. એ માટે બે મીની બસ (૨૦ સીટર) અમારા આયોજક નક્કી કરી આવ્યા. બીજા દિવસની તૈયારી કરી અમે નિદ્રાદેવીને આધિન થયા.

## તા. ૨૦-૦૭-૨૦૦૦, ગુરૂવાર



(વિઘ્ન નં. ૪) અમરનાથની જાત્રા વિઘ્નોથી ભરપૂર. ગઈકાલ રાત સુધી વાતાવરણ એકદમ સૂકું, ચોક્ખું અને તડકાથી ભરપૂર હતું અને વહેલી સવારે વાતાવરણ વરસાદથી ભરાઈ ગયું હતું. સવારે સાડા ચાર વાગે હું ઉઠી ગયો. તૈયાર થઈ બધાને ઉઠાડી આવ્યો. બહાર અંધારું હતું માટે બહારના વરસાદથી અજાણ હતાં. પણ જેમ જેમ અજવાળું થતું ગયું તો ખ્યાલ આવ્યો કે બહાર તો ઝરમર વરસાદ ચાલુ છે. છ-સાડા છ સુધીમાં તો બધા તૈયાર થઈ ગયા હતાં અને અમારી બસ પણ આવી ગઈ હતી. પણ વરસાદને કારણે મિલેટ્રીએ આગળ જવાનો રસ્તો બંધ કરી દીધો હતો. સવારના ઉઠતાંની સાથે અમારા બધામાં જે ઉત્સાહ



હતો તેના ઉપર વરસાદે ઠંડુ પાણી ફેરવી બધાના ઉત્સાહને ઠંડો કરી દીધો. સમય વધતો ગયો એમ અમારું ટેન્શન પણ વધતું ગયું અને વળી એમાં જમ્મુ ઍન્ડ કાશ્મીર પોલીસે અમને એમ કહ્યું કે તમારે બધાએ સિક્યોરીટી ચેક પણ કરાવવું પડશે. અંતે એમ નિર્ણય લેવાયો કે બધાનો સામાન એક બસમાં ભરીને સિક્યોરીટી માટે લઈ જવો અને એની જોડે ૫-૭ જણે જવું અને બાકી બધાએ હોટલ પરજ મુકામ રાખવો. અમે સિક્યોરીટી પોસ્ટ પર આવ્યા જ્યાં ઘણી મોટી માત્રામાં લાઈન લાગી હતી. બસની અંદર બે જણાને બેસાડી બાકીના અમે નાસ્તો કરવા નીચે ઉતર્યા. ઘણું બધું ફર્યા બાદ કોઈક ભંડારામાંથી આલુ પરાઠા, તો કોઈકમાં શાક-પૂરી અને શીરો જેવો નાસ્તો કરી લગભગ ૧૨.૦૦ વાગે અમે સિક્યોરીટી પોસ્ટ પર પાછા ફર્યા ત્યાં સુધીમાં વરસાદ તો બંધ થઈ ગયો હતો પણ રસ્તાઓ હજુ પણ ભીના અને ચીકણા હતા માટે અમને આગળ જવાની મંજૂરી મળી ન હતી. અહીં મિલેટ્રીનું એક મથક પણ હતું અને ત્યાં પહેલગામથી અમરનાથગુફા સુધીના રસ્તા તથા ત્યાંના વાતાવરણની દરેક પોસ્ટ ઉપરથી તાજી પરિસ્થિતિની જાણકારી મેળવીને તેઓ યાત્રીની સગવડતા માટે સતત પ્રયત્નશીલ રહેતા હતા. ત્યાં એસ.ટી.ડી. સેવા મળતી હતી ત્યાંથી હું મુંબઈ ફોન કરવા ગયો. ત્યાં થોડી લાઈન હતી માટે મેં બીજી એક રૂમમાં ડોકીયું કર્યું જે એક પ્રદર્શન (એક્ઝીબીશન) હૉલ હતો જેની અંદર દરેક જાતના હથિયાર, બંદૂક, રાયફલ, હેન્ડગ્રેનેડ વગેરે જોવા માટે રાખ્યા હતાં. રજા લઈને એ રૂમમાં દાખલ થયો. ત્યાં હાજર મિલેટ્રીના જવાનને વિનંતી કરી કે દરેક હથિયારની વિગતવાર જાણકારી આપો અને મારા આશ્ચર્ય વચ્ચે એમણે મને દરેકે દરેક વસ્તુની નાનામાં નાની જાણકારી પ્રસન્ન મુખે આપી. ત્યારબાદ અમે એકબીજાનો પરિચય લીધો અને છૂટા પડ્યા. મુંબઈ ફોન કરી હું પાછો અમારી બસમાં આવ્યો. સરસ તડકો નીકળ્યો હતો અને આગળ જવાનો રસ્તો પણ ખૂલી ગયો હતો. લગભગ ૧.૦૦ વાગ્યો હતો. અમે બસમાં ગોઠવાયા ત્યાંથી હોટલ પર પાછા આવ્યા, ત્યાં રોકાયેલા બધાને બસમાં ગોઠવ્યા અને ચંદનવાડી તરફ ઝડપથી રવાના થયા.





## ચંદનવાડી

પહેલગામથી ચંદનવાડી ૧૬ કિ.મી. નો કાચો રસ્તો, ચીકણી માટીથી ભરપુર હતો. એક નાની બસ પસાર થાય એટલો સાંકડો હતો પણ ચારે તરફ પહાડી અને વહેતી નદી, પહાડ ઉપરથી પડતા સફેદ દૂધ જેવા ઝરણાં જોઈ અમે બધા આનંદવિભોર થઈ ગયા. ખીણ તરફ રસ્તાના છેડા ઉપર ચાલતી બસમાંથી આ બધા દૃશ્ય એવાં લાગતાં હતાં કે જાણે અમે વિમાનમાં બેસી પૃથ્વી પર આવેલા સ્વર્ગમાં વિહરી રહ્યા છીએ.



ત્રણ વાગે અમે ચંદનવાડી પહોંચ્યા. અમે આઠ જણાએ નક્કી કર્યા મુજબ ચાલતા જવાનું હતું માટે તરત જ બસમાંથી ઉતરીને અમે ત્રણ પીઠ્ઠુ કરી લીધા (પીઠ્ઠુ એટલે આપણો સામાન ઉંચકનાર મજુર અથવા કુલી). જેઓનો રેટ ગવર્મેન્ટે રૂા. ૧૦૦૦ ચંદનવાડી-અમરનાથ-ચંદનવાડી નક્કી કર્યો હતો. ક્યારે પણ અમરનાથની જાત્રાએ આવો ત્યારે પીઠ્ઠુ, ડોલીવાળા અથવા ઘોડાવાળા નક્કી કરો ત્યાર પછી એમનું આઈ કાર્ડ આપણે આપણી પાસે લઈ લેવાનું જેથી જો તેઓ કદાચ આગળ પાછળ થઈ જાય તો તેઓ જ આપણને ગોતતા આવે. એમનું આઈ કાર્ડ આપણને આપ્યા પછી તેઓ આપણી માટે બંધાઈ જાય છે અને આપણી અને સામાનની બરોબર દેખરેખ રાખે છે.

અમે પીઠ્ઠુ કરી તરત જ ચાલવાનું શરૂ કરી દીધું. થોડું ચાલ્યા હોઈશું ત્યાં ફરીથી એક ચેકપોસ્ટ ઉપર દરેક યાત્રીઓનું મેટલ ડિટેક્ટરથી ચેકિંગ થતું હતું. એમાંથી પસાર થઈ અમે આગળ વધ્યા અને પછી ખરેખર શરૂ થઈ અમારી અમરનાથની જાત્રા.

હવે પછીની જાત્રાના વર્ણનમાં આગળ વધું એ પહેલાં આપણે અમરનાથની જે વાર્તા છે તેને ટૂંકમાં જાણી લઈએ

માતા પાર્વતીએ એક દિવસ જીદ પકડી કે હે મહાદેવ ! તમે મને અમર થવાની વાર્તા કહો. ઘણા દિવસ ટાળ્યા પછી ભગવાન શંકરે પાર્વતીને અમર કથા કહેવાની હા પાડી. પણ એ માટે દૂર નિર્જન અને એકાંત સ્થળે જઈ અમર કથા સંભળાવવાનું નક્કી કર્યું.

અત્યારે જે જગ્યાને આપણે પહેલગામ તરીકે ઓળખીએ છીએ એ જગ્યાએ શંકરભગવાને પોતાના નંદી બેલનો ત્યાગ કર્યો હતો માટે એ જગ્યા બેલગામ તરીકે જાણીતી થઈ જે કાળાંતરે વાણીફેરમાં પહેલગામ તરીકે અત્યારે ઓળખાય છે.



ત્યાંથી આગળ વધતાં ભોળેનાથે ચંદનવાડી ખાતે તેમના મસ્તકે રહેલા ચંદ્રમાનો ત્યાગ કર્યો માટે એ જગ્યા ચંદનવાડી તરીકે પ્રખ્યાત છે. ત્યાંથી આગળ વધતાં જે જગ્યાએ ભોલેનાથે એમના ગળામાં રહેલા શેષનાગનો ત્યાગ કર્યો એ જગ્યા શેષનાગ તરીકે ઓળખાય છે. આગળ વધતાં સૌથી ઉંચાઈએ આવેલા મહાગુનશ ટોપ તરીકે પ્રખ્યાત હાલની જગ્યાએ શંકરભગવાને ગણેશજીનો ત્યાગ કર્યો હતો. ત્યાંથી આગળ વધતાં પંચતરણી નામક જગ્યાએ શંકરભગવાને પંચ મહાભૂતોનો ત્યાગ કર્યો હતો અને છેવટે અમરનાથની ગુફામાં પહોંચી ત્યાં પાર્વતીજીને એમણે અમરકથા કહી હતી. એમ કહેવાય છે કે અમરકથા ચાલુ કર્યા પહેલાં એમણે તાંડવ નૃત્ય કરી ઘણે ઘણે દૂર સુધીની પૃથ્વીને બાળીને ભસ્મ કરી દીધી હતી જેથી કોઈ એ વાર્તા સાંભળી ન જાય. છતાંય શંકરભગવાન જે જગ્યા ઉપર બેસીને વાર્તા કહેતા હતા ત્યાં બે કબૂતરના ઈંડાં હતાં જેમણે આ વાર્તા સાંભળી અને અમર થઈ ગયાં. આજે પણ અમરનાથની એ ગુફામાં એ બે કબૂતરો જોવા મળે છે. આ ઉપરાંત આ બાબતની અલગ અલગ ઘણી વાર્તાઓ પ્રચલિત છે.

પહેલગામથી અમરનાથ ગુફા ૪૮ કી.મી. દૂર છે. એ દરમ્યાન આવતા પડાવ અને એ બન્ને વચ્ચેનું અંતર નીચે પ્રમાણે છે.

| | | | |
|---|---|---|---|
| પહેલગામ | - | ચંદનવાડી | ૧૬ કી.મી. |
| ચંદનવાડી | - | પીશ્યુટોપ | ૩ કી.મી. |
| પીશ્યુટોપ | - | જોનીપાલ | ૫ કી.મી. |
| જોનીપાલ | - | નાગકોટી | ૨ કી.મી. |
| નાગકોટી | - | શેષનાગ | ૩ કી.મી. |
| શેષનાગ | - | વેવબાલ | ૩ કી.મી. |
| વેવબાલ | - | મહાગુના ટોપ | ૧.૩૦ કી.મી. |
| મહાગુના ટોપ | - | પંચતરણી | ૮ કી.મી. |
| પંચતરણી | - | અમરનાથ ગુફા | ૭ કી.મી. |



ચંદનવાડીથી પ્રથમ પડાવ ત્રણ કિ.મી. દૂર, ના... ના.... ભૂલ થઈ દૂર નહીં પણ ત્રણ કિ.મી. ઊપર. ચંદનવાડીથી અડધો કિ.મી. ચાલો એટલે પહાડીનું ચઢાણ ચાલુ થાય. એ ચઢાઈ એટલે લગભગ ૭૦ થી ૮૦ ડીગ્રી ઢોળાવ. જો કોઈ કાચા-પોચા મનનો માણસ હોય તો ચઢાણની શરૂઆતથી ઉપર જુએ તો ત્યાંથી જ પાછો વળી જાય, અરે એ ચઢાણ જોઈને તો ભલભલા જોશીલાઓનું જોશ ઉતરી જાય. એ પર્વત ઉપર વાંકાચૂંકા રસ્તાઓ અને એના ઉપર ચાલતા હજારો લોકોને જોતાં જ નીચે ઊભા ઊભા ચક્કર આવવા માંડે. જાણે કિડીયારું ચાલતું હોય એમ લાગે.

શરૂઆતમાં અમે આઠે જણા સાથે હતા પણ ધીરે ધીરે દરેકની કેપેસીટી પ્રમાણે આગળ પાછળ થતા ગયા. અડધા રસ્તેથી ધીરેનભાઈ અને સતીશભાઈએ પિશ્યુટોપ સુધીના ઘોડા કરી લીધા. ધીરે ધીરે હું આગળ વધતો રહ્યો. એક જગ્યાએ થોડીવાર બેઠો. ત્યાં જોયું તો એક ૭૦-૭૫ વર્ષના ડોશીમા મારી આગળથી પસાર થયા. આ ઉંમરે પણ એમનામાં જે ચુસ્તી, સ્ફૂર્તિ દેખાતા હતાં તે જોવા જેવાં હતા. પિશ્યુટોપ પહોંચવામાં થોડી વાર હતી, વાતાવરણમાં પૂરો તડકો, સૂકી હવા છતાંય ઠંડક હતી. એક જગ્યાએથી ટોપ ઉપર પહોંચવાનો ટૂંકો રસ્તો હતો પણ થોડો જોખમી હતો. છતાંય હું એ રસ્તે આગળ વધ્યો. એ રસ્તે માંડ થોડો આગળ ગયો ત્યાંજ અચાનક વાતાવરણે પલટો ખાધો જ્યાં ભરપૂર તડકો હતો ત્યાં અચાનક વાદળો ઘેરાઈ આવ્યાં, જોરદાર ઠંડી હવા ફૂંકાવા માંડી. ટોપ નજીક જ હતું ત્યાંથી માઈક ઉપર એનાઉન્સમેન્ટ કરવામાં આવતું હતું કે વાતાવરણ ઝડપથી બદલાઈ રહ્યું છે. તો યાત્રીઓએ ઝડપ રાખવી જેથી વરસાદ શરૂ થાય એ પહેલા ટોપ ઉપર પહોંચી શકાય. મારી હાલત એવી હતી કે જો વરસાદ આવે તો હૂં સંપૂર્ણ પણે ભીંજાઈ જાઉં, કારણકે મારો રેઈનકોટ પીઠુ પાસે હતો. પણ મારુ નસીબ સારું હતું કે હું જેવો પિશ્યુટોપ ઉપર પહોંચ્યો ત્યાંજ જોરદાર પવન સાથે ભયંકર વરસાદ પડવાનો ચાલુ થઈ ગયો. હું, ધીરેનભાઈ, અને ધર્મેશ ત્રણે જણા એક મંડપની નીચે ઊભા રહી ગયા. જ્યાં ગરમાગરમ ચા અને નાસ્તો અપાતો હતો. અમારા જેવા ઘણા લોકો ત્યાં ઊભા હતા. અને એમાં મારો પીઠુ પણ હતો જેની પાસેથી મેં મારો રેઈનકોટ લઈ લીધો. ત્યારે લગભગ સાંજના ૬.૦૦ વાગ્યા હતા. લગભગ અડધા કલાક પછી વરસાદ શાંત થયો અને અમે ત્રણ જણાએ આગળ વધવાનું નક્કી કર્યું.



ધીરે ધીરે અમે ત્રણે જણ પિશ્યુટોપ પાછળ છોડી શેષનાગ તરફ આગળ વધ્યા. અમરનાથની જાત્રામાં એક મુકામથી બીજા મુકામ વચ્ચેનું અંતરનું જ્ઞાન હોવું બહુ જરૂરી છે. અમે જોશમાંને જોશમાં એ વિશે અજ્ઞાની રહ્યાં. આગળ વધતા રહ્યા પણ શેષનાગ કેટલું દૂર છે અને રસ્તો કેવો છે એ વિશે તદ્દ્ન અજાણ હતા.

પિશ્યુટોપથી અમે લગભગ ૬.૩૦ વાગે ચાલવાનું ચાલુ કર્યું. મારી ચાલવાની ઝડપ ધીરેનભાઈ અને

ધર્મેશ કરતાં ઘણી ઓછી હતી. શરૂઆતમાં તેઓએ મારી સાથે રહેવાની કોશિશ કરી પણ પછી મેં જ એમને કહ્યું કે તમે મારા કરતાં ફાસ્ટ ચાલો છો તો તમે આગળ જાઓ હું ધીરેધીરે પાછળ આવું છું. પછી તેઓ એમની ઝડપ પ્રમાણે આગળ નીકળી ગયા. રસ્તો ભીનો અને ચીકણો હતો. સાંજ ધીરે ધીરે ઢળી રહી હતી. વાતાવરણમાં ભેજ અને ઠંડક હતી. રસ્તો સીધો જ હતો પણ ક્યારેક થોડું ચઢાણ અને થોડું ઉતરાણ આવતું હતું. મારા શરીર અને વજન પ્રમાણે મને હાંફ ચઢવા લાગી અને મારી ઝડપ ખૂબજ ઘટી ગઈ. રસ્તામાં એક જગ્યાએ રૂા. ૨૦.૦૦ આપીને પાણીની એક બોટલ ખરીદી.

અંધારૂં ધીમે ધીમે વધવા લાગ્યું હતું. યાત્રીઓની સંખ્યા પણ રસ્તા ઉપર ઓછી થવા લાગી હતી. પછી એક ટાઈમ એવો આવ્યો જ્યારે મારી આગળ અને મારી પાછળ ક્યાંય સુધી કોઈ માનવી દેખાતા ન હતાં. રસ્તાની એક બાજુ કાળી ડીબાંગ ઊંડી ખીણ, જાણે બ્રહ્માંડનો શૂન્યાવકાશ. બીજી બાજુ ઊંચા ઊંચા વૃક્ષો રહીત ભયંકર રૂપ ધારણ કરેલા પર્વતો અને જાણે આ આખી પૃથ્વી ઉપર હું એકલો અટૂલો છું એવો ભાસ મને થવા લાગ્યો. મારી ચાલવાની શકિત બીલકુલ ખૂટી ગઈ હતી. આમ છતાં ઘણે દૂર ઝગમગતી લાઈટો મને એટલો ઈશારો કરતી હતી કે ત્યાં કોઈક પડાવ જરૂર છે. પણ ત્યાં સુધી પહોંચવાની તાકાત લાવવી ક્યાંથી ? એક ડગલું પણ ભરવાની શકિત મારામાં ન હતી. સવા આઠ વાગી ગયા હતા અને વાતાવરણમાં અંધકાર પૂરેપૂરો ભળી ચૂક્યો હતો. ડર ધીરે ધીરે મારા મન ઉપર કાબુ પામવાની કોશિશ કરી રહ્યો હતો. એવે વખતે ઘરવાળાઓની અને ખાસ તો મારી મમ્મીની ખૂબજ યાદ આવી ગઈ. આંખો રડૂરડૂ થઈ રહી હતી. જીભ સતત ૐ નમઃ શિવાય ના જાપ કરી રહી હતી. હવે શું થશે ? રાત ક્યાં વિતાવીશ ? શું કરીશ ? એવા કેટલાય સવાલો મારા મનમાં ઉભરાવા લાગ્યા. છતાંય ભોલનાથ ઉપર એક અતૂટ શ્રદ્ધા હતી કે એ મને જરૂરથી મદદ કરશે. અને હું એજ શ્રદ્ધાભાવથી મારી બચીકૂચી હિંમત એકઠી કરીને એક એક ડગલું ધીરે ધીરે ભરીને આગળ વધવાની કોશિશ કરી રહ્યો હતો.

અને ત્યાંજ અચાનક મારી ભોલેબાબા પ્રત્યેની એ શ્રદ્ધાનો વિજય થયો એમ અચાનક મારી આગળ પાછળ કોઈજ ન હતું કે ક્યાંયથી યે એક ઘોડાવાળો મારી બાજુમાંથી પસાર થયો. ઘોડાવાળાને જોઈ મેં તરત એને બૂમ પાડી બોલાવ્યો અને બે હાથ જોડી એને વિનંતી કરી કહ્યું ''તુમકો જીતને પૈસે ચાહીયે લે લો પર મુઝે વહ જો લાઈટ જલતી હૈ વહાં પર પહુંચા દો, આપકી બડી મહેરબાની હોગી.'' ત્યાંથી એ અંતર લગભગ એકાદ કિલોમીટરનું હશે. ઘોડાવાળાએ કહ્યું ''૧૦૦ રૂપૈયે લુંગા''. એની માગણી પૂરી થતાં જ મેં એક પણ સેકેન્ડનો સમય ગુમાવ્યા વગર કહ્યું ''દીયે, આપકો ૧૦૦ રૂપૈયે દીયે, મગર મુઝે વહાં તક પહુંચાદો.'' મારી તૂટેલી હીંમત અને આશા બન્ને ઉત્સાહી થઈ ઉઠયા અને મારા ચહેરા ઉપર એક આનંદની લહેર દોડી ગઈ. એણે મને ઘોડા ઉપર બેસવા કહ્યું, મારા જીવનનો પહેલો પ્રસંગ ઘોડા ઉપર ચઢવાનો અને બેસવાનો. લગ્ન કરવા ગયો હતો ત્યારે પણ ઘોડે ન'તો ચઢ્યો, માટે મેં એને કહ્યું કે કોઈ મોટા પથ્થર પાસે ઘોડો ઉભો કર તો હું ત્યાંથી એના ઉપર ચઢી જાઉં. નજીક એક ઊંચો પથ્થર હતો એના ઉપર હું ઊભો રહ્યો અને એણે ઘોડો એ પથ્થરની નજીક ઊભો રાખ્યો અને મને કહ્યું ''અબ આપ યહ જીન (ઘોડા ઉપર મૂકાતું ચામડાનું આસન) પકડ કર છલાંગ લગાકર ઘોડે કે ઉપર બૈઠ જાઓ'' અને બંદાએ તો જીન પકડી છલાંગ મારી ધડામ !... !... !... બંદા નીચે અને ઘોડો ઉપર. એતો સારું થજો એ ઘોડાવાળાનું કે જેવો હું નીચે પડ્યો કે તરતજ એણે ઘોડાની લગામ ખેંચી ઘોડાને મારાથી દૂર કર્યો નહીંતર ઘોડાના આગલા બન્ને પગ મારી છાતી ઉપર આવી જાત. નસીબ જોગે ક્યાંય વાગ્યું નહીં. જય ભોલે !.

પછી ઘોડાવાળાએ મને એક બાજુથી ટેકો આપી જેમતેમ કરી ઘોડા ઉપર ચઢાવ્યો. અને અમે આગળ વધ્યા. થોડી વારમાં અમે જ્યાં લાઈટો ઝગમગતી હતી ત્યાં આવી પહોંચ્યા, એ જગ્યાનું નામ હતું નાગકોટી. ત્યાં પહોંચી ઘોડાવાળાને ૧૦૦ રૂપીયા ચૂકવી તેનો ખૂબ ખૂબ આભાર માની એનાથી છૂટો પડ્યો અને ત્યાં આવેલા ટેન્ટમાં ગયો જ્યાં મેં મારા મિત્ર ધીરેનભાઈ અને ધર્મેશની ઈન્કવાયરી કરાવી અને માઈક ઉપર એનાઉન્સમેન્ટ પણ કરાવ્યું. પણ કોઈ રિસપોન્સ મળ્યો નહીં. ત્યાર બાદ એ જ ટેન્ટવાળાને રાતવાસા માટે પૂછ્યું તો એણે કહ્યું કે અહીં રાતવાસા માટે કોઈ વ્યવસ્થા નથી, પણ તમે થોડા આગળ જશો તો ત્યાં તમને એ વ્યવસ્થા મળી રહેશે. એ જગ્યા ત્યાંથી નજીક જ હતી માટે ત્યાં સુધી પહોંચવામાં વાંધો ન આવ્યો. આવી જગ્યાએ પણ દાનવીરોએ રહેવાની અને ઠંડીથી બચવા ઓઢવાની અને જમવાની મફ્ત વ્યવસ્થા કરી હતી. લગભગ ૩૦ જેટલા તંબૂઓ બાંધ્યા હતા. ત્યાં જઈ મેં રહેવાની વ્યવસ્થા માટે પૂછ્યું તો એમણે મને બે જાડા ધાબળા આપ્યા અને કહ્યું કે જે તંબુમાં તમને જગ્યા મળે ત્યાં સૂઈ જાવ. (આ જાત્રામાં રજીસ્ટ્રેશન સ્લીપ હંમેશા સાથે રાખવી જરૂરી છે.)

થાકીને લોથપોથ થઈ ગયો હતો ત્યાં જમવાના હોશ ક્યાંથી હોય ? એક તંબુમાં થોડી જગ્યા હતી ત્યાં જઈ સૂઈ ગયો. બે-બે ધાબળા ઓઢ્યા હોવા છતાંય ઠંડી લાગતી હતી. થોડી થોડી વારે ઉંઘ ઉડી જતી હતી. અને ધ્યાન ઘડીયાળ ઉપર જતું હતું. જેમતેમ કરી રાત પસાર કરી. રાતના અનુભવ પછી મેં મનોમન નક્કી કરી લીધું હતું કે સવારના આગળ વધવા માટે ઘોડો કરી લેવો, પગે ચાલીને નથી જવું.

## તા. ૨૧-૦૭-૨૦૦૦, શુક્રવાર

સવારના ૫.૩૦ વાગે ઉઠીને તૈયાર થઈ ગયો. તંબુની બહાર આવ્યો, અજવાળુ થઈ ચૂક્યું હતું પણ વાતાવરણમાં ચારેબાજુ ધુમ્મસ છવાયું હતું. બન્ને ધાબળા પાછા આપી એમનો આભાર માની આગળ વધ્યો. ત્યાં એક ઘોડાવાળો મળ્યો તો એણે કહ્યું કે આગળનો રસ્તો ખરાબ હોવાથી અહીંથી તમને ઘોડા નહીં મળે થોડું ચાલીને આગળ જાવ ત્યાંથી તમને ઘોડા મળી રહેશે. ખરેખર આગળનો રસ્તો ખૂબ જ સાંકડો, પથરીલો અને જોખમી હતો. ધીમે ધીમે ચાલીને આગળ વધતો રહ્યો

અને સાથે સાથે સવાર પણ ખુશનુમા બની રહી હતી. સવારના ૬.૦૦ વાગે તો સરસ મજાનો તકડો નીકળી આવ્યો હતો.

થોડે આગળ વધ્યો ત્યાંથી પાછળ જોયું તો એક સુંદર મજાનું દશ્ય જોવા મળ્યું. દૂર એક ખીણ આખી વાદળાઓથી ભરેલી હતી અને એની ઉપર સોનેરી સૂરજનો તડકો ચમકતો હતો. રાતના ભયાનક અનુભવ પછી સવારના આવા સુંદર દશ્યો જોઈ મારું મન પ્રફુલ્લિત થઈ ગયું. રાતના ડરાવતા પહાડો સવારે નયનરમ્ય લાગતા હતા. લગભગ એક કલાક ચાલ્યા પછી એક ઘોડાવાળો મળ્યો જેની સાથે ભાવતાલ કરતાં પંચતરણી સુધી જવાનો ઘોડો રૂા. ૧૨૦૦માં નક્કી કર્યો. આ ઘોડાવાળો જુવાન અને સારો હતો. જેણે મને ઘોડા ઉપર કઈ રીતે ચઢાય અને કઈ રીતે ઉતરાય એ સરસ રીતે શીખવી દીધું હતું.

## શેષનાગ

એક પહાડીની ટોચ ઉપર આવેલો નયન રમ્ય પડાવ. આ એ જગ્યા છે જ્યાં શંકરભગવાને એમના ગળામાંથી શેષનાગને ત્યાગી દીધો હતો. આ જગ્યા ઊંચાઈ



ઉપર આવેલી છે. અને નીચે ખૂબ જ સુંદર મજાનું તળાવ અથવા તો ઝીલ આવેલી છે. સામેની બાજુમાં આવેલા બે બર્ફિલા પહાડો વચ્ચે થઈને પીગળતું પાણી એ તળાવમાં આવીને મળતું હતું. આખા રસ્તે દરેક જગ્યાએ પાણી સફેદ અને સાફ દેખાતું હતું પણ આ તળાવનું પાણી એકદમ લીલા કલરનું હતું. કહેવાય છે કે આજે પણ આ તળાવમાં શેષનાગ રહે છે. અને દર્શન પણ આપે છે. ઘણા યાત્રાળુઓએ એના દર્શન કર્યા છે. શેષનાગમાં લગભગ ૨૦૦ કરતાં પણ વધુ, ભાડાના તંબુઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યાં રૂા. ૧૦૦ આપી તમે રાતવાસો કરી શકો.

અચાનક મારા કાનમાં એક જાણીતો અવાજ અથડાયો ''એ નીતિન આવ્યો, આપણો નીતિન આવ્યો'' અને મારા આશ્ચર્ય વચ્ચે એ અવાજ અમારા ગ્રુપના સતીશભાઈનો હતો અને એ જે તંબુ પાસે ઊભા હતા એમાંથી ધીરેનભાઈ, ધર્મેશ અને સંદીપભાઈ બધા ધડાધડ બહાર આવ્યા અને મને જોઈને એકદમ ખૂશ થઈ ગયા. ગઈકાલની સાંજે અમે જે વિખૂટા પડી ગયા હતા અને આમ અચાનક મળ્યાનો આનંદ અમારા બધાના ચહેરા ઉપર દેખાતો હતો. ખાસ કરીને ધીરેનભાઈ અને ધર્મેશ મને જોઈને ગળગળા થઈ ગયા કારણકે એમને મારી ખૂબજ ચિંતા થતી હતી કે રાત્રે મેં ક્યાં રોકાણ કર્યું હશે અથવા તો મારું શું થયું હશે ? પણ મને જોઈ તેઓ પણ ચિંતામુક્ત થઈ ગયા. અહીં હું ઘોડા ઉપરથી નીચે ઉતરી બધાને મળ્યો. ચા પીધી અને ફ્રેશ થયો. કારણકે ગઈ રાતનું કશું ખાધુ-પીધુ ન હતું. ગઈકાલે વરસાદ પડવાથી શેષનાગના બધા રસ્તા ચીકણા, લપસણા અને જોખમી થઈ ગયા હતા. સતીશભાઈ અને બાકીના બધાને આગળ વધવાની હજુ વાર હતી, અને મારો ઘોડાવાળો ઉતાવળ કરતો હોવાથી મારે આગળ વધવું પડે એમ હતું. પણ આગળ વધતાં પહેલા ધીરેનભાઈ અને બાકી બધાની જોડે એમ નક્કી કર્યું કે હું પંચતરણી જઈ ત્યાં બધાની રાહ જોઈશ અને ત્યાંથી અમરનાથની ગુફા સુધી બધા જ સાથે જઈશું એમ નક્કી કરી હું એકલો જ આગળ વધ્યો.

થોડો આગળ ગયો હોઈશ ત્યાંજ માઈક ઉપર એનાઉન્સમેન્ટ થતું હતું કે તળાવમાં શેષનાગ દર્શન આપવા માટે સપાટી ઉપર આવ્યા છે. ઘણા બધા લોકોએ દોટ મૂકી એ જોવા માટે. મારી પણ ઇચ્છા થઈ આવી કે હું પણ ઘોડા ઉપર થી ઉતરીને શેષનાગનાં દર્શન કરૂં પણ એ શક્ય ન હતું.

## મહાગુનસ (મહાગુના) ટોપ

શેષનાગથી લગભગ પાંચ કિલોમીટર દૂર અને ૧૫,૦૦૦ ફૂટ ઊંચાઈ ઉપર આવેલું સુંદર, રમણિય મુકામ. કહેવાય છે કે જો સવારે ત્યાં વરસાદ પડ્યો હોય તો રાત્રે અચૂક બરફનો વરસાદ પડેજ. આ જગ્યા એ શંકરભગવાને ગણેશજીનો ત્યાગ કર્યો હતો. માટે આનું નામ મહાગુનસ (મહાગુના) પડ્યું છે. આ જગ્યાએ ભંડારામાં ચા-નાસ્તાની વ્યવસ્થા હતી પણ રહેવાની કોઈ વ્યવસ્થા ન હતી. કારણકે આટલી ઉંચાઈએ આટલા બધા યાત્રાળુઓની વ્યવસ્થા કરવાનું શક્ય ન હતું. ભૂખ તો હતી જ નહીં માટે અહીં રોકાવવાનું નકામું હતું. રસ્તામાં એક જગ્યાએ મિલેટ્રીના માણસો યાત્રાળુઓને પાણી પીવડાવતા હતા જેની અંદર તેઓ થોડું મીઠુ નાખીને આપતા હતા.



અહીંથી થોડે દૂર જતાં રસ્તામાં મારા આઠ જણના ગ્રુપના સંજયભાઈ મળી ગયા. એમની પાસે જાણવા મળ્યું કે મુકેશભાઈ અને ભરતભાઈ પાછળ ક્યાંક રહી ગયા છે અથવા તો આપણા કરતાં પણ આગળ નીકળી ગયા છે. માટે એમની ચિંતા કરતા હતા. અને પંચતરણી મળશું એમ કહી મારાથી પણ ઝડપથી આગળ વધી ગયા. આગળ વધતા હું લગભગ ૧૧.૦૦ વાગે પંચતરણી આવી પહોંચ્યો.



# પંચતરણી

અમરનાથ ગુફાથી ફક્ત ! ૭ કિલોમીટર દુર.

ચારેતરફ બર્ફિલા પહાડો અને વચ્ચે લગભગ ત્રણ-ચાર કિલોમીટર લાંબુ અને સપાટ મેદાન જેની એક બાજુથી નદી વહેતી હતી. અહીં ઉતરી મારે અમરનાથ ગુફા જવા બીજો ઘોડો કરવાનો હતો. પણ એ પહેલાં મારે મારા બાકી મિત્રસાથીઓની રાહ જોવાની હતી. પણ બહુ જલદી સતીશભાઈ અને સંદીપભાઈ આવી પહોંચ્યા. હવે અમારે ધીરેનભાઈ અને ધર્મેશની રાહ જોવાની હતી. તેઓ આવે ત્યાં સુધી અમે સવારના ઉઠીને કરાતાં પ્રાતઃકાર્યો નદી કિનારે પતાવી દીધાં. કોણજાણે પણ મને બિલકુલ ભૂખ ન હતી પણ સતીશભાઈ અને સંદીપભાઈએ પેટભરીને નાસ્તો કર્યો. ત્યાં અમારી સાથે બે મિલેટ્રીમેન પણ નાસ્તો કરતા હતા એમની જોડે વાતે વળગ્યા. એમાંથી એક સોલાપુરના મરાઠી ભાઈ હતા અને બીજા હતા એ કર્ણાટકના. અમે એમની પરવાનગી લઈ એમની મશીનગન (એકે-૪૭) સાથે અમારા ફોટા પડાવ્યા.



પહેલાં સંજયભાઈ અને પછી થોડી વારમાં ધીરેનભાઈ અને ધર્મેશ બન્ને આવી પહોંચ્યા. અહીંથી અમે છ જણા અમરનાથની ગુફા તરફ જવા આગળ વધ્યા. અહીંથી અમરનાથ ગુફા જવાના ઘોડા અમે રૂા. ૪૦૦માં નક્કી કર્યા હતા.


ચંદનવાડીથી અમરનાથ ગુફા સુધીમાં જો કોઈ સૌથી વધારે જોખમી, સાંકડો અને યાત્રાળુઓથી ટ્રાફીક જામ રસ્તો હોય તો એ છે પંચતરણીથી અમરનાથ ગુફાનો ૭ કિ.મી.નો રસ્તો. પંચતરણીમાં મિલેટ્રીનો પૂરેપૂરો બંદોબસ્ત હતો. આ જગ્યાએ પુરૂષો કરતાં સ્ત્રીઓનું ચેકીંગ વધુ થતું હતું. પંચતરણીમાં મિલેટ્રીના પાકા રહેઠાણ, તંબુઓ અને એક હેલીપેડ (હેલીકોપ્ટર ઉતરવાની જગ્યા) પણ બનાવ્યું હતું. પંચતરણીથી આગળ વધતાંજ અમને તરત રસ્તામાં કાળો, ગંદો અને ફ્રિજમાં થાય એવો કડક બરફ જોવા મળ્યો હતો. જો અમે ચાલતા જતા હોત તો એ બરફ ઉપર ચાલવા મળ્યું હોત પણ અમે ઘોડા ઉપર હોવાથી એમ ન થયું.



અહીંથી આગળ વધતાં પહાડીનું ચઢાણ ચાલુ થયું. આ રસ્તા કાચા, તદ્દન સાંકડા એટલે કે લગભગ બે-ત્રણ ફૂટ જ. અને એટલી જગ્યામાંથી આવનાર અને જનાર ઘોડા અને પગે ચાલનાર બન્નેનો ટ્રાફીક રહેતો હતો. રસ્તાની એક બાજૂ ઊંડી ખીણ અને જનાર ઘોડા ખીણ બાજુ જ ચાલે, એ પણ રસ્તાની એકદમ કિનારી ઉપર. જ્યાં આપણે ભૂલેચૂકે પણ નીચે નજર નાખીએ તો સાથે લાવેલા સોય-દોરા ઓછા પડે. આમ છતાં પણ ત્રાંસી આંખે ઘણીવાર હું નીચે નજર કરતો. આજુબાજુ ખૂબ જ સુંદર વાતાવરણ, તડકો, અને દશ્યો હતાં.

આગળ જણાવ્યા મુજબ અમરનાથ ગુફા આવવા માટે બે રૂટ છે. એક પહેલગામથી અને બીજો બાલતાલથી. પહેલગામ લાંબો રૂટ પણ ઓછો જોખમી, જ્યારે બાલતાલ ટૂંકો પણ જોખમી રસ્તો છે. પંચતરણીથી અમરનાથ ગુફા આગળ વધતાં એક જંકશન ઉપર બાલતાલ અને પહેલગામ બન્ને રૂટના યાત્રાળુઓ એક જ રસ્તે આગળ વધે છે. એ જગ્યા પુષ્કળ સાંકડી અને જોખમી હોવાની સાથે સાથે યાત્રાળુઓના ટ્રાફીકથી ભરપૂર હોય છે. આ જગ્યાએ ઘોડા ઉપર બેસીને જનાર યાત્રાળુઓએ ખૂબ જ સંભાળવું પડે છે. જો જરાક ગફલતમાં રહીએ તો સીધા ખીણમાં. દર્શન કરી પાછા ફરતી વખતે આ જ જંકશન ઉપર મારો અકસ્માત થતાં થતાં રહી ગયો હતો જેની વાત પાછળ આવશે.

# અમરનાથ ગુફા



લગભગ ૧.૩૦ વાગે અમે અમરનાથ ગુફાની તળેટીમાં પહોંચ્યા. દૂરથી ગુફા જોતાં જ આખા શરીરમાં આનંદ આનંદ છવાઈ ગયો. સૌ પ્રથમ અમે જોયું કે ઉપર ગુફાના મુખ પાસેથી શરૂ થયેલી દર્શનાર્થી યાત્રાળુઓની લાઈન ઠેઠ નીચે તળેટીમાં પહોંચી હતી. અમે અંદાજ લગાવ્યો કે લગભગ છ થી આઠ કલાક સુધી લાઈનમાં ઊભા રહીશું ત્યારેજ દર્શન માટે નંબર લાગશે અને એ હીસાબે આજની રાત અમરનાથગુફાની તળેટીમાં જ ગુજારવી પડશે. એટલે સૌ પ્રથમ અમે અમારા રાત્રિ રોકાણ માટે તંબુનું બુકીંગ કરાવી લીધું અને લાઈનમાં ઊભા રહી ગયા.

ગુફાની તળેટી કાચા બરફથી છવાયેલી હતી. ઉપર ગુફામાંથી નીકળતી અમરગંગા નામની નદી નીચે આવતાં ઘણી જગ્યા બરફ બની ગઈ હતી. જેની ઉપરથી યાત્રાળુઓએ ચાલવું પડતું હતું. ૧૯૯૬માં આ જ નદીના બરફ તટ ઉપર ચાલતા



ઘણા યાત્રાળુઓ બરફ પીગળતાં સપાટી તૂટી જવાથી નીચે પડી મરી ગયા હતા.

માનવજાતનું સર્જન ભગવાને એની સર્જેલી સૃષ્ટી જોવા, સાચવવા અને ભોગવવા માટે કર્યું છે. પણ એ જ માનવજાત ભગવાનની આ સુંદર સૃષ્ટીની સુંદરતાને પ્રેમથી ભોગવવાને બદલે એના ઉપરજાણે બળાત્કાર કરતો હોય એવા દશ્યો અહીં જોવા મળતાં હતાં. રાજ કપુરની રામ તેરી ગંગા મૈલી જેવી હાલત અહીં અમરગંગા નદી ની હતી. એક મહીનાની આ યાત્રામાં લગભગ દોઢ લાખ યાત્રાળુ અમરનાથગુફાના દર્શને આવે છે. એ દરેક યાત્રી અમરગંગામાં ન્હાય, ધોવે, બ્રશ કરે, કોગળા કરે, મળ-મૂત્રનો ત્યાગ કરે એમનો વધ્યો ઘટ્યો ફેંકવા લાયક સામાન પ્લાસ્ટિક થેલીમાં નાખી અમરગંગામાં પધરાવે અને એમાં ઓછું હોય તેમ ત્યાં દોઢ મહીનાથી યાત્રાળુઓની સેવા માટે ખૂલેલા ભંડારા એમનો કચરો, એઠું ખાવાનું, ગંદુ પાણી વગેરે જેવી ગંદકી આ અમરગંગામાં ઠાલવે છે. માનવી જ્યાં જાય છે ત્યાં ગંદકી અને પ્રદુષણથી સારામાં સારી જગ્યાને અપવિત્ર અને દૂષિત કરે છે.



અમરનાથ ગુફાની તળેટીમાં આવેલા પહાડો ખૂબજ સુંદર અને કલાત્મક હતા. વર્ષોથી એ જગ્યાએ પોતાનો અડીંગો જમાવી બેઠા છે એ વાતનું જાણે એમને અભિમાન છે એવું એમને જોતાં લાગતું હતું. એક પર્વત ઉપર ઊભા અસંખ્ય કાપા હતા. કહેવાય છે કે આ જગ્યા એ ભગવાન ભોળાનાથે એમની જટાઓ ખોલી તાંડવ નૃત્ય કર્યું હતુ એ જટાઓના કાપા પડ્યા છે.

લગભગ બપોરે ૨.૩૦ વાગે અમે લાઈનમાં ઊભા રહ્યા. અમે બધા ખૂબજ થાકેલા હતા છતાંય લાઈનમાં ઊભા રહેવું ફરજિયાત હતું. હવામાન સાફ અને તડકામય હતું આથી યાત્રીઓની સંખ્યા પણ ઘણી વધારે હતી. લાઈન ઘણીજ ધીમી ગતીએ આગળ વધતી હતી. માણસજાતનો સ્વભાવ છે, જીવનમાં ક્યાં પણ જાય ત્યાં શોર્ટકટ શોધતા જ હોય છે. આટલી મોટી લાઈન હોવાથી દરેકને જલ્દીથી ભોલેનાથના દર્શન કરવાં હતાં આ માટે તેઓ જાતજાતના તીકડમ રચી લાઈન તોડી આગળ ઉપર સુધી પહોંચી જતાં. કોઈ મીનીસ્ટરની ચીઠ્ઠી લઈને આવ્યું હતું, તો કોઈ મિલેટ્રી ઑફિસરની અને વળી કોઈક તો ત્યાં તૈનાત મિલેટ્રીના માણસો પાસે લાગવગ લગાડી લાઈન તોડી આગળ વધી દર્શન કરવા જતા હતા. અને વળી એમાં ઓછું હોય તેમ કોઈ એક મિનીસ્ટર હેલીકોપ્ટરથી ઉડતો ઉડતો આવ્યો અને અમારા બધાના બે કલાક બગાડી દર્શન કરી ફરીથી હેલીકોપ્ટરમાં બેસી જતો રહ્યો. છતાંય ભગવાન ભોલેનાથ ઉપર શ્રદ્ધા રાખી અમે લાઈનમાં શિસ્તપૂર્વક ઊભા રહ્યા. અલક મલકની વાતો, ઘડી ઘડીમાં ભોલેનાથનો જય બોલાવતા અમે ધીરે ધીરે આગળ વધતા રહ્યા. ઉપર અડધે સુધી પહોંચી અમે બધાએ પગમાં પહેરેલા બૂટ-મોજાં કાઢી નાખ્યા અને ઉઘાડા પગે લાઈનમાં ઊભા રહી ગયા.

ધીરે ધીરે અંધારૂં જામતું ગયું. વાતાવરણમાં ઠંડી વધી હતી. લગભગ રાતના ૮.૩૦ વાગ્યા હતા. અમારી સાથેના સતીશભાઈ પંડ્યા જેઓને હાર્ટની તકલીફ હતી અને સાથે ડાયાબીટીસ. એમનાથી ઊભા પણ નહોતું રહેવાતું છતાંય ભોલેનાથમાં એમની અખૂટ શ્રદ્ધા એમને પૂરક બળ પૂરૂ પાડતું હતું. થોડી થોડી વારે તેઓ બેસી જતા હતા. આમ છતાં પણ એમના મુખારવિંદ ઉપર ક્યાંય કોઈ દુ:ખના ભાવ ન હતા. જેમ જેમ અમે ગુફાના મુખ તરફ ઉપર આગળ વધતા હતા તેમ તેમ ગુફાની છત ઉપરથી પડતા બરફના પાણીનાં ટીપાં થી જમીન ખૂબજ ઠંડી અને ભીની થઈ ગઈ હતી. ઉઘાડા પગે એ જગ્યા એ ઊભા રહેવાનું તકલીફ ભર્યુ હતું. પણ ઘણા યાત્રાળુઓએ એમણે પહેરેલાં મોજાં ઉપર પ્લાસ્ટીકની થેલીઓ પહેરી હતી. અમારામાંથી ફક્ત ધીરેનભાઈ અને સતીશભાઈએજ પગમાં પ્લાસ્ટીકની કોથળી પહેરી હતી જ્યારે બાકી બધા અમે ઉઘાડા પગે એવી ઠંડીમાં ભોલેના નામનું સ્મરણ કરતાં અમારો નંબર આવે એની રાહ જોતા ઊભા હતા.

બપોરના ૨.૩૦થી રાતના ૯.૪૫ એટલેકે આઠ કલાકે અમારી તપસ્યાનો અંત આવ્યો. દરેક હિંદુના જીવનની એક અભિલાષા હોય છે કે જીવનમાં એક વાર શ્રી અમરનાથના શિવલિંગના દર્શન કરવાં, મારા જીવનની પણ એ અભિલાષા હતીં જે તા. ૨૧-૦૭-૨૦૦૦ને શુક્રવારે રાત્રે ૯.૪૫ વાગે પૂરી થઈ. જય બાબા ભોલેનાથ, જય બાબા બર્ફાનીના નામનો જયજયકાર કરતાં યાત્રીઓ ખૂબજ ઉત્સાહી અને આનંદવિભોર બની ગયા હતા.



કેટલાય માઈલો દૂર વેરાન હિમાલય પર્વતોની હારમાળામાં કોઈ એક જગ્યાએ એક ગુફામાં આખા વર્ષ દરમ્યાન ગમ્મે તેવી ઠંડી હોય તો પણ ફક્ત લગભગ જુલાઈ ની ૧૫ તારીખથી ઑગસ્ટની ૧૫મી તારીખ (અષાઢી પૂનમથી શરૂ થઈ શ્રાવણી પૂનમ (બળેવ-રક્ષાબંધન)) સુધીના સમયગાળા દરમ્યાનજ અમરનાથની ગુફામાં બરફનું એક શિવલિંગ કુદરતી રીતે તૈયાર થાય છે. જે ચંદ્રની કળા મુજબ વધઘટ થતું રહે છે. જે એક ફૂટથી લઈને લગભગ ૧૫ ફૂટ ઊંચું હોય છે. આ શિવલિંગની બાજુમાં માતા પાર્વતી અને ગણેશજીની એક એક ફૂટની બરફની પીઠ તૈયાર થાય છે. રક્ષાબંધનનો દિવસ આ જાત્રાનો અંતિમ દિવસ હોય છે. અને એ દિવસ પછી લિંગ ઓગળી જાય છે. જે બીજા વર્ષે તૈયાર થાય છે.



અહીં ગુફામાં અગરબત્તી, દિવો વગેરે પ્રગટાવવાની સખત મનાઈ છે. કારણકે એનાથી બરફનું શિવલીંગ ઓગળી શકે છે. માટે ગુફાની શરૂઆતમાંજ પ્રગટાવવામાં આવે છે. અહીં એક ખોટી માન્યતા ઘણા લોકો ફેલાવે છે કે ગુફામાં જતી વખતે જેમ વૈષ્ણોદેવીના મંદિરમાં ચામડાની કોઈપણ વસ્તુ લઈ જવાતી નથી તેમ અહીં પણ ચામડાની વસ્તુ બહાર મુકી અંદર જવું, જે ખરેખર તો એક અંધશ્રદ્ધા અને ખોટી અફવા છે. ઘણા લોકો અહીં પોતાના કમરપટ્ટા બહાર જાળી ઉપર મુકી જતા હતા.

અમારો નંબર આવતાં અમે આગળ વધ્યા. પૂજારીએ અમને સર્વેને તિલક કર્યું. સામે સુંદર મજાનું લગભગ આઠ ફૂટનું બરફનું શિવલીંગ ભગવાન શંકરની હાજરીની પ્રતીતિ કરાવતું હતું. શ્રદ્ધાથી બે હાથ જોડી એ શિવલિંગને પ્રણામ કર્યા અને મનોમન મારા પરિવારનું અને સર્વે જગતનું કલ્યાણ થાવ એવી પ્રાર્થના કરી, ઉપરાંત સફળતાપૂર્વક અને શાંતિથી દર્શન કરાવ્યા બદલ એનો અંતરપૂર્વક આભાર માન્યો. આટલી ક્રિયા કરવામાં માત્ર એક મિનિટ જેટલો સમય લાગ્યો અને એટલામાં મિલેટ્રીના માણસે અમને આગળ વધવાની સૂચના આપી દીધી અમે વિનંતી કરી કે થોડી વાર અમને અહીં ઊભા રહેવા દે પણ એણે અમને ના પાડી છતાંય થોડીવાર અમે સાઈડમાં ઊભા રહી શિવલીંગના દર્શન કર્યા. અંધકાર અને ઓછી લાઈટમાં માતા પાર્વતી અને ગણેશજીની પીઠનાં દર્શન ન થયા અને આમ પણ એ પીઠ ખૂબજ નાની હોવાથી એના ઉપર ઘણાનું ધ્યાન ન હતું. દરેક યાત્રાળુઓનું મુખ્ય ધ્યાન શિવલિંગના દર્શન કરવામાં હતું.



ગુફામાં દર્શનાર્થે પ્રવેશેલા દરેક યાત્રીઓને શિવલિંગના ફોટા પાડવાની પરવાનગી આપવામાં આવે છે એના માટે કોઈપણ જાતની મુશ્કેલી પડતી નથી. દર્શન કરી અમે શિવલિંગના ફોટા પાડ્યા. અહીં અમને એક ચમત્કાર જોવા મળ્યો. અમારી સાથે આવેલ સંદીપભાઈ મહેતા જેઓ લંડન ફરવા ગયા હતા ત્યાંથી મિનોલ્ટાનો સારી ક્વોલીટીનો ઝુમ લેન્સ કેમેરો લઈને આવ્યા હતા (જેની કિંમત લગભગ રૂા. ૧૫,૦૦૦ હતી). આ કેમેરાથી આખા રસ્તે એમણે ઘણા ફોટા પાડ્યા હતાં, અને એ પાડવામાં એમને ક્યાંય પણ તકલીફ પડી નહતી પણ તેઓ જેવા શિવલિંગના ફોટા પાડવા ગયા કે એમનો એ કેમેરો લોક થઈ ગયો. એમણે બીજી બાજુ ફોટો પાડવાની ટ્રાઈ કરી તો એનો ફોટો પડ્યો પણ એમણે ઓછામાં ઓછી સાત થી આઠ વખત શિવલિંગના ફોટા પાડવાની ટ્રાઈ કરી પણ કેમે કરીને શીવલિંગના ફોટા પડતા નહતા. આ અમારે માટે એક ચમત્કારજ હતો.

દર્શન કરી બહાર નીકળ્યા ત્યાંજ ગુફામાં એક જગ્યાએથી અમરગંગાનું પાણી વહે છે જેમાંથી બધાને કેનમાં થોડું થોડું ભરીને આપવામાં આવે છે. નીચે ઉતરી અમે પાછા અમારા તંબુમાં આવ્યા, ઘણાંને ભૂખ લાગી હતી પણ રાતના લગભગ ૧૧.૩૦ વાગ્યા હોવાથી ભંડારામાં ખાવાનું મળ્યું નહીં અને અમારે ભુખે પેટ સૂવું પડ્યું પણ દરેકના ચહેરા ઉપર દર્શન કર્યાની ખુશી ઝલકતી હતી. થાક અને ઊંઘ શરીર ઉપર કબજો જમાવી બેઠાં હતાં. તંબુમાં સાંકડ-માંકડ થઈને અમે બધા સૂઈ ગયા.

## તા. ૨૨-૦૭-૨૦૦૦, શનિવાર

સવારના સાત વાગે અમે બધા ઉઠ્યા, સામાન પેક કરી પાછા ફરવાની તૈયારી કરવા લાગ્યા. સુંદર ઉઘડતી સવાર, ઉઘાડું અને સ્વચ્છ વાતાવરણ અને તડકો હોવાને લીધે નીચેથી આવનારા યાત્રીઓની ભીડ ખૂબ જ હતી. માર્ગ સાંકડો હોવાથી ટ્રાફીક એકદમ જામ હતો. અહીંથી અમે પંચતરણીના ઘોડા નક્કી કરી એના ઉપર ગોઠવાયા અને ગુફા તરફ અંતીમ નજર નાખી ભોલેબાબાને પ્રણામ કરી પાછા પંચતરણી તરફ જવા રવાના થયા. એકાદ કિલોમીટર માંડ આગળ વધ્યા હોઈશું ત્યાં આગળ જણાવ્યા મુજબ મને એક નાનકડો અકસ્માત થયો. હું જે ઘોડા ઉપર બેઠો હતો એ ઘોડાએ ટ્રાફીકને લીધે રસ્તામાં ઊભા રહેવું પડ્યું, પણ એ ઘોડો અનાડી હતો એ ઊભા રહેવાને બદલે એજ જગ્યા ઉપર ગોળ ગોળ ફરવા લાગ્યો. એક તો રસ્તો સાંકડો, ઉપરથી આવવા અને જવા વાળા પગે ચાલીને અને ઘોડા ઉપર બેસેલા દરેક જણાની ભીડ હતી. આખો રસ્તો ભરચક હતો એક બાજુ ઊંડી ખીણ અને આવી જગ્યા ઉપર એ જાણે લગનનો ઘોડો હોય એમ ઠેકડા મારી મારીને ગોળ ગોળ ફરતો હતો. આવું લગભગ ત્રણથી ચાર વાર થયું (એટલી વારમાં તો મારે સોય-દોરો વાપરવાનો ટાઈમ થઈ ગયો) હું ગભરાયો અને ઘોડાવાળાને કહ્યું કે તું ઘોડાને પકડી રાખ અને હું નીચે ઉતરી જાઉં. આમ કહી એણે ઘોડો ઊભો રાખ્યો અને હું નીચે ઉતર્યો પણ ત્યાં પૂરતી જગ્યા ન હોવાથી હું નીચે પડ્યો પણ નસીબ જોગે વાગ્યુ નહીં. આજુબાજુના બધા યાત્રીઓ ઘોડાવાળા ઉપર ગુસ્સે થઈ ગયા. ત્યાંથી લગભગ દસ-પંદર મિનિટ ચાલીને હું આગળ ગયો જ્યાં ટ્રાફિક ઓછો થયો ત્યાંથી પાછો ઘોડા ઉપર બેસી આગળ વધ્યો.



દસ વાગે અમે પંચતરણી પહોંચ્યા. અહીં પહોંચતા વાતાવરણમાં ઠંડી વધી ગઈ હતી. તડકો ગાયબ થઈ ગયો હતો અને વરસાદીયું વાતાવરણ થઈ ગયું હતું. વાતાવરણના તેવર જોઈને મિલેટ્રીવાળાઓએ



પંચતરણીથી અમરનાથ જવાનો રસ્તો બંધ કરી દીધો અને યાત્રીઓને ત્યાંજ રોકાણ કરવા માટે સૂચના આપી દેવાઈ. અને અમારા જેવા જેઓ પાછા ફરી રહ્યા હતાં તેઓને તાકીદે સૂચના આપવામાં આવી કે રસ્તામાં ક્યાંય પણ અટક્યા વગર ચંદનવાડી ઝડપથી પાછા ફરો. કારણકે જોરદાર વરસાદ પડવાની શક્યતા લાગે છે. અમે ત્યાંથી બીજા ઘોડા કરી આગળ વધ્યા. પંચતરણીથી થોડા આગળ ગયા હશું ત્યાં જ રસ્તામાં વરસાદ પડવાની શરૂઆત થઈ ગઈ. ઠંડો પવન, ખૂલ્લી જગ્યા, ઊંચા પહાડો અને માથે વરસતું આભ ! કુદરતની લીલાનું અદ્‌ભૂત દશ્ય અનુભવતા જે રસ્તે આવ્યા હતા એજ રસ્તે પાછા ફરી રહ્યા હતા છતાંય એમ લાગતું હતું કે કોઈ બીજા રસ્તે પાછા ફરી રહ્યા છીએ.

મહાગુનસ ટોપ (૧૫,૦૦૦ ફૂટ ઉપર) પહોંચ્યા જ્યાં વરસાદનું જોર ખૂબ જ વધી ગયું, ઠંડી નો પારો એકદમ નીચે ઉતરી ગયો. છ જણમાંથી અમે ફક્ત ચારજણા સાથે હતા બાકીના આગળ નીકળી ગયા હતા. હું, ધીરેનભાઈ, ધર્મેશ અને સંજય ચારે જણા સાથે હતા. મહાગુનશ ટોપ પહોંચતાં ચારે જણા ઘોડા ઉપરથી ઉતરી ગયા અને એક મંડપ નીચે ઊભા રહ્યા. જ્યાં ઊભા ઊભા અમે ધ્રુજતાં હતા. ત્યાં મારી નજર એક નાનકડા તંબૂ ઉપર પડી. અમે ત્યાં પહોચ્યાં, જ્યાં આખો તંબૂ ઘણા બધા ઓઢવાના ધાબળાથી ભરેલો હતો અને એની અંદર બે માણસો હતા. એમણે અમને અંદર બોલાવી બધાને ત્રણ-ત્રણ ધાબળા ઓઢાડ્યા. ધીરેનભાઈ પાસે વિક્સ લઈ આખા શરીરે ચોળી લગભગ અમે અડધો કલાક ત્યાં રોકાયા. જેમ રણમાં મીઠી વિરડી (રણની સૂકી નદીમાં હાથ વડે નાનો ખાડો કરતાં એમાં પાણી મળી આવે તે) મળે એમ સખત ઠંડીમાં અમને ઓઢવા માટે ધાબળા મળ્યા. ત્યાં એક ભાઈએ અમને વાત કરી કે ૧૯૯૬માં આવી રીતે જ ખૂબ વરસાદ અને બરફ પડ્યા હતાં અને એ વખતે રાત્રે એમની ડાબી અને જમણી બન્ને બાજુ સુતેલા યાત્રાળુ ઠંડીને લીધે મરી ગયા હતાં. માટે વરસાદનું જોર ઓછું થાય કે તરતજ અમારે ત્યાંથી નીકળી જવું અને આગળ ચંદનવાડી પહોંચી જવું, નહીંતર જો ક્યાંક વચ્ચે ફસાયા તો મરી ગયા. એટલે જેવો વરસાદ ઓછો થયો કે અમે તરતજ આગળ વધ્યા.



વરસાદ ને લીધે રસ્તો ચીકણો અને કિચ્ચડવાળો બની ગયો હતો. ઘોડાવાળા જેઓ પગે ચાલતા હતાં તેમને માટે પણ ચાલવું મુશ્કેલ હતું. છતાં વરસાદ ધીરો પડતાં મિલેટ્રીવાળા બધા યાત્રાળુઓને ત્યાંથી જબરજસ્તી આગળ વધવા દબાણ કરતા હતા. વરસાદ થોડો થોડો ચાલુ જ હતો. આજુબાજુના પર્વતો ઉપર બરફ જામવાની શરૂઆત થઈ ગઈ હતી. અમારા ઘોડાવાળાએ કહ્યું કે આજે રાત્રે આ જગ્યાએ ચોક્કસ બરફ પડશે જ. અમે નક્કી કર્યું કે કોઈપણ હીસાબે સાંજ પહેલાં ચંદનવાડી પહોંચી જવું. અમારા રેઈનકોટની અંદર પાણી ઉતરીને અંદરના કપડાં પણ ભીના થયાં હતાં, પણ ઘોડા ઉપર બેસેલા હોવાને લીધે ઘોડાની ગરમી અમને થોડી રાહત પહોંચાડતી હતી. અમે શેષનાગ પહોંચ્યા. ત્યાંથી ચા પીને બીજા ઘોડા પિશ્યુટોપ સુધીના નક્કી કર્યા, કારણકે આવતી વખતે પિશ્યુટોપનુ ખતરનાક ચઢાણ અમને યાદ હતું અને ઉપરથી વરસાદ પણ હતો અને હવે તો ઉતરવાનું હતું માટે ઘોડા ફક્ત પિશ્યુટોપ સુધીના કર્યા.

શેષનાગથી પિશ્યુટોપ સુધીનો રસ્તો આમ તો સીધો પણ પહાડની ધાર ઉપર હતો. વરસાદને લીધે વાતાવરણ ધુમ્મસથી ભરેલું હતું દસ-વીસ ફૂટ દૂરની વસ્તુ જોવામાં તકલીફ પડતી હતી. ધુમ્મસ ગાઢ હતું, પરંતુ વાતાવરણ એકદમ આલ્લાદક હતું. ઘરથી માઈલો દૂર એકલા અજાણી જગ્યાએ વરસાદમાં ભીંજાતા, ઠંડીમાં થરથરતાં, ધુમ્મસમાંથી ઘોડા ઉપર બેસી પસાર થતાં, એક બાજુ ઉંચા પહાડ અને બીજી બાજુ ઊંડી વાદળોથી ભરેલી અને ખળખળ કરતી નદીને પોતાની આગોશમાં ભરી પ્રેમ કરતી ભયંકર પણ સુંદર દેખાતી ખીણ આહ ! આવો સુંદર અનુભવ જીવનમાં પ્રથમવાર માણ્યો. તકલીફમાં પણ મજા લેતાં આવડવું એ સુખી જીવનની એક કલા છે. અને એ કલા જેણે હસ્તગત કરી એ દુનિયામાં ખરા અર્થમાં સુખી છે.

સાંજે પાંચ વાગે અમે પિશ્યુટોપ પહોંચ્યા અહીં ફરી વરસાદ અને ઠંડીનું જોર વધ્યું હતું. ઘોડાવાળાને પૈસા ચુકવી તરતજ અમે વરસતા વરસાદમાં પિશ્યુટોપ થી નીચે ઉતરવાનું શરૂ કરી દીધું. વાંકાચુકા પથરીલા અને ચીકણા રસ્તા અને ઉપરથી પડતો વરસાદ, ટોપ ઉપરથી રહીને નીચે આવી રહેલું પાણી. આવી પરિસ્થિતિમાં સાવધાનીપૂર્વક નીચે ઉતર્યા. સાંજે સાત વાગે ચંદનવાડી પહોંચ્યા. નીચે પહોંચી તરતજ ત્યાંથી જે પહેલું એસ.ટી.ડી. બૂથ મળ્યું ત્યાંથી મુંબઈ ફોન કરી મમ્મી સાથે સુખરૂપ દર્શન થયાં અને સહી-સલામત પાછા ચંદનવાડી આવી ગયાના સમાચાર આપ્યા. ચંદનવાડીથી પ્રાઈવેટ સુમોમાં રાત્રે ૯.૦૦ વાગે પહેલગામ અમારી હોટલમાં પાછા આવ્યા.



આ ત્રણ દિવસમાં માત્ર કાજુ, બદામ જેવો સુકોમેવો ખાઈને ચલાવ્યું હતું એટલે એમ કહી સકાય કે ત્રણ દિવસનો ભુખ્યો હતો. હોટલવાળાએ અમને દાળ, ભાત અને શાકનું ભોજન કરાવ્યું. અમારા આઠ

જણાના ગ્રુપમાં અમારા બે મિત્રો ભરતભાઈ અને મુકેશભાઈ જેઓ અમારાથી અલગ થઈ ગયા હતા તેઓ અમને અહીં મળ્યા અને અમને બધાને એ જાણી ઘણું જ દુ:ખ થયું કે તેઓ દર્શન કર્યા વગરજ અડધે રસ્તેથી પાછા આવ્યા. એમાં વળી મુકેશભાઈ તો ઘણા જ શ્રદ્ધાળુ હતાં અને એમને એમની આ યાત્રા અધૂરી રહ્યાનો ખુબજ અફસોસ થતો હતો. અમે બધાએ એમને સાંત્વના આપી કહ્યું કે જે થાય તે સારા માટે થાય અને ભોલેબાબાની મરજી વગર કશુંજ થતું નથી, માટે દુ:ખી થવાથી કંઈ નહીં વળે. એની મરજી હશે તો તમે બીજીવાર જરૂરથી અહીં આવી એમના દર્શન કરી શકશો.

## તા. ૨૩-૦૭-૨૦૦૦ રવિવાર



બીજા દિવસે અમે જમ્મુ પાછા ફરવાનું નક્કી કર્યું. સવારે એક સુમો ટેક્સી નક્કી કરી અમે આઠે જણા જમ્મુ તરફ જવા રવાના થયા. આવ્યા હતા એજ રસ્તે પાછા ફરવાનું હતું અને શારીરિક રીતે ખૂબજ થાકી ગયા હોવાથી આખા રસ્તે અમે બધા મુંગા મોઢે બેસી રહ્યા હતા. અને ઠેઠ સાંજે સાત વાગે અમે જમ્મુ આવી પહોંચ્યા.

પહેલગામ-અમરનાથ માર્ગ ઉપર પડેલા જોરદાર વરસાદને કારણે જમ્મુ પોલીસે યાત્રાળુને આગળ જવા દીધા ન હતા અને એને લીધે જમ્મુમાં યાત્રાળુઓનો ધસારો ખૂબ જ વધી ગયો હતો. વૈષ્ણવી ધામમાં રહેવાની જગ્યા ફૂલ થઈ ગઈ હતી. લોકોને જમવાનું મળી રહેતું હતું પણ રહેવા માટે હોટલ કે ધર્મશાળા મળતી ન હતી. ઘણા લોકો તો રસ્તા ઉપરજ રહેતા હતા. ઘણી મહેનત પછી અમને હોટલ ક્રાન્તિમાં રહેવા મળ્યું. અમે બે રૂમ બુક કરાવી. પાંચ દિવસથી અમે નાહ્યા ન હોવાથી આખું શરીર ગંધાતું હતું, બધા વારાફરતી અડધો-અડધો કલાક ઘસી ઘસીને નાહ્યા.

ત્યાં અમે એવું નક્કી કર્યું કે આવતી કાલ વહેલી સવારે વૈષ્ણો દેવીના દર્શન માટે જવું. એમ નક્કી કરી અમે બજારમાં જમવા ગયા ત્યાં યાત્રાળુઓની ભીડ જોઈ અને ઘણા લોકો પાસે એવી વાત સાંભળીકે અત્યારે અમરનાથની યાત્રા સ્થગિત થવાને લીધે વૈષ્ણો દેવી ખાતે યાત્રાળુઓનો ધસારો ખૂબજ વધી ગયો છે, અને ત્યાં જવું હિતાવહ નથી. અમે હોટલ પાછા ફર્યા અને નક્કી કર્યું કે સવારે વૈષ્ણો દેવી જતાં પહેલાં ત્યાં ફોન કરી પૂછી લેવું. અમારા ટૂર આયોજક હરેશભાઈ વૈષ્ણવદેવી ધર્મશાળામાં બે રૂમ ધરાવે છે માટે ત્યાંનો નંબર અમારી પાસે હતો.

## તા. ૨૪-૦૭-૨૦૦૦ સોમવાર

બીજે દિવસે સવારે અમે ત્યાં ફોન કર્યો તો અમને જવાબ મળ્યો કે અત્યારે ત્યાં યાત્રાળુઓનો ખૂબ જ ધસારો છે અને સાથે વરસાદ પણ ખૂબ જ પડે છે માટે તમે આવવાનું કેન્સલ કરો. માતાજીનો બોલાવો નહીં હોય એમ માની મન મનાવી અમે આખો દિવસ જમ્મુમાં પસાર કર્યો. જમ્મુથી અમે બધાએ રાજમા, બાસમતી ચોખા, અખરોટ, એક કળીનું લસણ (હાર્ટ પેશન્ટને ઉપયોગી) અને બેટ વગેરેની ખરીદી કરી.



## તા. ૨૫-૦૭-૨૦૦૦, મંગળવાર

અમરનાથ યાત્રાની સમાપ્તિનું અંતિમ ચરણ, ઘર તરફ પ્રયાણ. સવારે ૧૧.૩૦ની જમ્મુતાવી ટ્રેન દ્વારા અમે મુંબઈ આવવા નીકળ્યા. અહીં અમારુ આખું ૩૫ જણાનું ગ્રુપ ફરી એકસાથે થઈ ગયું. દરેક જણાના અલગ અલગ અનુભવ, જાતજાતનું ખાવાનું, વાતો કરતાં તા. ૨૬-૭-૨૦૦૦ના દિવસે સાંજે ૫.૩૦ વાગે અમે બધા સુખશાંતિથી બોરીવલી સ્ટેશને ઉતર્યા, જ્યાં દરેકના સગાંસ્નેહી સ્વાગત કરવા આવ્યાં હતાં. દુનિયાના કોઈપણ છેડા ઉપર જાવ પણ ઘરે પાછા ફરવાનો આનંદ, ઉમંગ અને લાગણી હોય છે એ બીજી કોઈ વાતમાં નથી. માટે જ કહેવામાં આવ્યું છે કે ''ઘર એ દુનિયાનો છેવાડો છે.''

અમરનાથની કઠીન જાત્રા કરીને સહીસલામત રીતે ઘરે પાછા આવ્યાનો આનંદ મારા કરતાં મારા ઘરના દરેક સભ્યોની આંખોમાં મને દેખાઈ રહ્યો હતો. અમરનાથની જાત્રા પછી જાણે મન ધરાઈ ગયું હોય એમ મારું મન મનોમન પ્રાર્થના કરતું હતું કે ''હે ભોળેનાથ ! અમરનાથની સહીસલામત જાત્રા કરાવી તે મારા જીવનને ધન્ય કરી દીધું.''

જય બાબા ભોલેનાથ ! જય બાબા અમરનાથ ! જય બાબા બર્ફાની !

(નોંધ : આ યાત્રાવર્ણન મેં બે આશયથી લખ્યું છે. (૧) જીવનની પહેલી મોટી જાત્રાના સંસ્મરણો મારી પાસે સચવાઈ રહે અને (૨) ભવિષ્યમાં મારા સગાંસ્નેહી, મિત્ર વગેરેમાંથી કોઈએ પણ આ જાત્રા કરવી હોય તો એમને આ અનુભવથી કશુંક જાણવા મળે અને વધુ સારી રીતે અમરનાથની જાત્રા કરી શકે. બીજી એક વાત એ નોંધવી રહી કે એ જરૂરી નથી કે મને જે અનુભવ થયા અને જેટલી સરળતાથી અમરનાથની જાત્રા થઈ એવી રીતે આવતા વર્ષોમાં બીજા યાત્રીઓને થાય, કારણકે અમરનાથની જાત્રા માટે કોઈ એક નિયમ કામ કરતો નથી. એ તો ત્યાંનુ વાતાવરણ, ત્યાંની પરિસ્થિતિ અને આપણા નસીબ ઉપર આધાર રાખે છે.)

***- નીતિન શર્મા***

*(૧૪-૦૯-૨૦૦૦)*